સળંગ અંક ૩૯ ★ જુલાઈ-૨૦૧૦

# શ્રી સ્વામિનારાયણ

માસિક
કિંમત રૂા. ૫-૦૦



શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ જેતલપુરધામ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧














૧. વડનગર મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજને ચંદનના વાઘાના દર્શન.

૨. ઈડર મંદિરમાં શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી.

૩. ઈડર મંદિરમાં યજ્ઞની પૂજન વિધિ કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

૪. ઈડર મંદિરમાં પાટોત્સવ પ્રસંગે યજમાન પરિવારને આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે
ઈડર મહંત સ્વામી, જે.કે. સ્વામી અને નાના પી.પી. સ્વામી

૫. હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર
મહાભિષેક કરી આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

૬. હરિદ્વાર મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી ની આરતી ઉતારતા યજમાન પરિવાર




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૪ | અંકઃ ૩૯ | જુલાઈ-૨૦૧૦**


## અ નુ ક્ર મ ણિ કા


| | |
|---|---|
| ૧. અસ્મદીયમ્ | ૨ |
| ૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. શ્રી નરનારાયણદેવ માહાત્મય | ૪ |
| ૪. સર્વોપકારકાય નમઃ | ૫ |
| ૫. શ્રીહરિના છઠ્ઠા અને સાતમાં વંશજના મુખેથી અમૃતવચનો | ૭ |
| ૬. રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત પરસ્ત્રીયા સંગ કો ત્યાગ | ૯ |
| ૭. વિજાપુરનાં વજીબા | ૧૧ |
| ૮. અત્યંત ભવ્ય અને દિવ્યરૂપે ઉજવાયેલો ભુજનો શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહા મહોત્સવ | ૧૩ |
| ૯. સંગ ચલત નહિ કોય | ૧૫ |
| ૧૦. વૈદિક કાળનો ઈતિહાસ | ૧૭ |
| ૧૧. સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૨. ભક્તિ સુધા | ૨૦ |
| ૧૩. પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૪. સત્સંગ સમાચાર | ૨૪ |

# આત્મીયમ

ઈશ્વરની ગતિ ન્યારી છે. તેને કોઈ કળી શકતુ નથી. વર્તમાન સમય વર્ષાઋતુના પ્રારંભનો છે. છતાં પણ હજુ આજ સુધી આપણે સખત ઉનાળાની ગરમીનો અહેસાસ કરી રહ્યાં છીએ. હવામાન ખાતાની વારંવારની આગાહીનું કોઈ મૂલ્ય રહ્યું નથી. દેશના પ્રખર જ્યોતિષીઓના વર્તારા અને અનુભવો પણ આખરે ખોટા ઠર્યા તેમલાગે છે. જગતના કર્તા હર્તા જે ધારે અને ઈચ્છે તે થાય. તેમાં માણસનું ગજું કેટલું !

એક સમયે ગોપાળાનંદ સ્વામી ગઢપુરમાં હતા અને વાળાંક દેશના હરિભક્તો શ્રીજી મહારાજના દર્શને આવ્યા હતા. તેમણે મહારાજને પૂછ્યું જે મહારાજ વરસાદ ક્યારે થશે ? ત્યારે મહારાજ કહે અમે ટીપણું - (જ્યોતિષીનું) ભણ્યા નથી. જે ગોપાળાનંદ સ્વામી ભણ્યા છે માટે તેમને પૂછો. અને હરિભક્તોએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી વરસાદ ક્યારે થશે ? ત્યારે સ્વામીએ ટીપણું જોઈને કહ્યું કે પરમ દિવસે બહુ વરસાદ થશે અને સ્વામીના વચને ખૂબજ વરસાદ તેજ સમયે થયો. આવા સમર્થ સંતોના વચને વરસાદ થાય અને ગ્રહણ પણ રોકી શકે તેમની સામર્થીની તો શું વાત કરવી. આપણે સૌ તેમના આશ્રિત છીએ. આપણને એવો કેફ હોવો જોઈએ. આવા ભગવાન આપણને મળ્યા છે. તમે ૧૨ કલાક ૨૪ કલાક અખંડ સ્વામિનારાયણ મંત્ર જાપ ધૂન ચાલું કરો અને તેનું પરિણામ જુઓ !

આગામી ગુરુ પૂર્ણિમાના પર્વ પ્રસંગે આપણા સૌના ધર્મગુરુ પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી ગુરુઋણ અદા કરીએ. જે આપણી ફરજ અને ધર્મ છે. આપણા તમામના ગુરુ માત્ર ને માત્ર ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી જ છે. જે આપણા ઈષ્ટદેવે આપણને આપ્યા છે. માટે એમનું પૂજન કરવું એ આપણી નૈતિક ફરજ છે.

હવે ચાતુર્માસનો અષાઢ સુદ-૧૧ થી પ્રારંભ થશે. આપણે કેટલા અને કેવા નિયમો લેવા એ શ્રી સર્વોપરિ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે. માટે તે ૮ નિયમમાંથી કોઈ એક નિયમચાર માસ સુધી લઈ મહારાજનું ખૂબ ભજન કરીએ. અને બીજું આપણે કરવાનું છે શું ? કરી કરીને એજ કરવું છે. અસ્તુ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૧૦)



૧. મદનપુર (કચ્છ) પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (તા. કપડવંજ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ખેવડીયા (મૂળી દેશ તા. મોરબી) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની બાપુનગર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ખાવડ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. સંજયકુમાર મુલચંદદાસ મોદીને ત્યાં પધરામણી, ન્યુરાણીપ.
૧૫-૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠ (ધોળકા દેશ) પારાયણ પ્રસંગે અને રજત જયંતી પ્રસંગે પધરામણી.
૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧-૨૨. સર્વોપરિ ધામ છપૈયા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩-૨૪. (કચ્છ) ભુજ પધરામણી.
૨૫. શ્રી નરનારાયણદેવને કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.
૨૬. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
૨૭. મહેસાણા એક હરિભક્તને ત્યાં પધરામણી.
૨૮. સાપાવાડા ગામે પધરામણી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

# શ્રી નરનારાયણદેવ માહાત્મય

- શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી
ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી



(ગતાંકથી ચાલું)

શ્રીમદ્ ભાગવત કહે છે કે નરનારાયણદેવ પૃથ્વીનો ભાર ઉતારવા યદુવંશમાં શ્રીકૃષ્ણરૂપે થયા તથા કુરૂવંશમાં અર્જુન રૂપે થયા વામનપુરાણમાં પ્રહલાદ અને નરનારાયણદેવના યુદ્ધનું વર્ણન છે. પ્રહ્લાદ જ્યારે યુદ્ધથી ભગવાનને જીતી શકતા નથી ત્યારે ભક્તિપૂર્વક સ્તુતિ કરે છે. હે પ્રભુ ! જગતમાં તમને જીતવાને કોણ સમર્થ છે ? તમારાથી અધિક કોણ છે ? હે નારાયણ તમે જ પીતાંબરધારી વિષ્ણુ ભગવાન છો. તમે જ પુંડરિકાક્ષ છો. વામન, નૃસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ, બધાજ અવતારો તમે જ છો. હજારો રૂપે પ્રગટપણે વ્યાપી રહ્યા છો.

આ રીતે શાસ્ત્રમાં નરનારાયણ ભગવાનનું સર્વોપરિપણું વર્ણવ્યુ છે. દરેક શાસ્ત્રમાં 'નરનારાયણ' શબ્દની વ્યુત્પત્તિ સુંદર રીતે સમજાવી છે. દરેક જગ્યાએ એના જુદા જુદા સુંદર અર્થ સમજાવ્યા છે. જેમકે,

नराणामय नाच्चापि ततो नारायण स्मृतः

( महाभारत )

આ નરનારાયણદેવ નરોના (જીવાત્માઓના અયન એટલે) આશ્રયરૂપ છે તેથી જ તેમને નારાયણ પણ કહે છે.

ભાગવતમાં બ્રહ્માજીના વચનો છે, હે ભગવાન હું તમારાથી જન્મ્યો નથી ? તમે શું નારાયણ નથી ? છો જ કારણ કે સર્વ પ્રાણીઓના આપ આત્મા છો. તેથી આપ નારાયણ છો. આપ સર્વના અધિશ્વર-પ્રવર્તક હોવાથી નારાયણ નથી ? છો જ. તેમજ આપ સમગ્ર લોકના સાક્ષી (સાક્ષાત્ જોનારા) છો તેથી પણ આપ નારાયણ છો. વળી નર એટલે પરમાત્મા અને તેથી જન્મેલ પદાર્થોનો તથા જળનો આશ્રય કરવાથી નારાયણ નામથી પ્રસિદ્ધ છો. હે ભગવાન જળમાં રહેલું તમારૂં સ્વરૂપ સત્ય હોય તો તે વખતે કમળના નાળની અંદર હું સો વર્ષ ફર્યો છતાં મેં કેમન જોયું ? અરે હૃદયમાં પણ કેમન જોયું પણ મેં તપ કર્યું તેજ વખતે એ સ્વરૂપ દેખાયું માટે એ બધી તમારી માયા જ છે. આપની મૂર્તિ અમાપ છે.

આ રીતે બ્રહ્માજીએ નરનારાયણદેવને અલૌકિક સર્વોપરિ તથા અનાદિ બતાવ્યા છે.

आपो नरा इति प्रोक्ता आपो वै नर सूनवः ।

अयनं तस्य ताः पूर्व तेन नारायण स्मृताः ॥

( मनुस्मृति : १-१० )

નર પરમાત્માથી ઉત્પન્ન થયેલા તત્વોને વિદ્વાનો નાર કહે છે, તે તત્વોને જેણે અયન (આશ્રય) કર્યો તેને નારાયણ કહે છે. તેમજ જળ પણ પર-પરમાત્માથી ઉત્પન્ન થયું છે. માટે નાર કેવાય છે. અને તે જળને જેણે પોતાનું અયન બનાવ્યું (આશ્રય કર્યો) તેથી નરનારાયણ કહેવાય છે. (ક્રમશઃ)

# સર્વોપકારકાય નમઃ સર્વોપકારકાય નમઃ સર્વોપકારકાય નમઃ

- નારાયણમુનિ સ્વામી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

શતાનંદ સ્વામીએ જેવું ભગવાનનું જીવન હતું જેવું એમનું આચરણ હતું, જેવા ભગવાને લીલાચરિત્રો કર્યા હતા તેજ પ્રમાણે સ્વામીએ મહારાજના નામ પાડ્યા છે. તેને આપણે જનમંગલ નામાવલિ કહીએ છીએ. તેમાનું મહારાજનું એક નામ જોઈએ. 'સર્વોપકારકાય નમઃ' કહેતા કે ભગવાન જીવ પ્રાણી માત્ર પ્રત્યે ઉપકારી છે. કારણ કે ભગવાન કાંઈ પણ અપેક્ષા વગર, સ્વાર્થ વગર ઉપકાર કરે છે. અને જીવ પ્રાણી માત્રનો તો સ્વભાવ છે કંઈ પણ કામ કરે તો થોડી ઘણી અપેક્ષા એટલે ઈચ્છા, આશા રાખે છે. આ કળિયુગમાં જીવનો સ્વભાવ છે "ફળ વિના કર્મ એ ક્યારેય કરતો નથી." આપણે તો ઠીક છે પણ સાવ નાનો એવો બાળક હોય અને રમતાં રમતાં કદાચ એ પડી જાય તો એ સૌ પ્રથમ ચારેબાજુ જુવે અને જો કોઈ માણસ આજુબાજુમાં ન દેખાય તો એ ન રડે અને જો કોઈ હોય તો એ તરત રડવાનું ચાલુ કરી દે. કારણ કે એને ખબર છે કે જો કોઈ જોશે તો મને ચોકલેટ આપશે અથવા મને તેડવા પણ આવે. પણ જો કોઈ હોય જ નહીં તો રડવામાં શું ફાયદો છે. એમ આ જગતનો જીવ છે એ થોડું ઘણું પણ કાર્ય કરે તો એના પાછળ એનો સ્વાર્થ છુપાયેલો હોય છે. પરંતુ પ્રભુ તો સર્વે ઉપર ઉદાર ભાવે ઉપકાર કરતા હોય છે. કાંઈ પણ સ્વાર્થ વગર પ્રભુ પોતાના ભક્તોને અનંત ઘણું આપે છે. ભગવાનના સર્વોપકારીપણાના અનેક પ્રસંગો સંતોએ લખ્યા છે.

દૃષ્ટાંત : મહારાજ ઉત્તર ગુજરાતમાં વિચરણ કરતા હતા સાથે સંતો હતા. સંતોને કહ્યું કે તમે વિસનગરથી આજુબાજુના ગામમાં ફરો અમે વિસનગરથી થોડે દૂર દેવડા નામે ગામ છે ત્યાંથી અમે આગળ જઈશું. મહારાજ દેવડા ગામના ભાગોળમાંથી પસાર થતા હતા. એ દેવડામાં જ્ઞાતિથી વણિક અને હરખશા નામે એક ભક્ત રહેતો હતો. તેણે મહારાજને જોયા એટલે હૈયામાં હરખ ઉભરાયો. હાશ આજે મારુ નામ સાર્થક થયું. મારા ગામની ભાગોળે મને ભગવાનનાં દર્શન થયા. દોટ મુકીને મહારાજને વંદન કરી કહ્યું કે પ્રભુ મારા ઘરે પધારો. મહારાજે કહ્યું હરખશા ગામમાં તમે એકજ ભક્ત છો માટે અહીંયાં દર્શન થઈ ગયા હવે શું ? હે મહારાજ આવી બપોરની વેળા થવા આવી છે અને આવા તાપમાં જાવો તે ઠીક નહિં. મહારાજે કહ્યું, તમારી સ્થિતિ નબળી છે અને તમે અમારા માટે ખર્ચ કરો તે ઠીક નહીં. હે મહારાજ તમે રાજી થાવ એમ કરું પણ મારે ઘેર પધારો. શ્રીજી મહારાજે શરત મુકી કે તમારી સ્થિતિ તો અમે જાણીએ છે માટે ઘેર આવીએ પણ એક શરત છે કે રોટલો અને દાળ કરવાની, બીજું કંઈ નહીં. એટલે હરખશા કહે સારું મહારાજ ઘેર પધારો. શ્રીજી મહારાજ બે પાર્ષદો સાથે એમના ઘેર પધાર્યા. મહારાજને ઢોલિયો ઢાળીને ઓસરીમાં બિરાજમાન કર્યા. ભગતે ઘરમાં જઈ અને એમના ઘરવાળાને કહ્યું જો મહારાજ આ શરતે આપણા ઘેર પધાર્યા છે.

હે મહારાજ આવી
બપોરની વેળા થવા આવી છે અને
આવા તાપમાં જાવો તે ઠીક નહિં.
મહારાજે કહ્યું, તમારી સ્થિતિ
નબળી છે અને તમે અમારા માટે
ખર્ચ કરો તે ઠીક નહીં.

પણ પત્ની બહુ સમજુ હતા તેણે કહ્યું, આપણા સગા આવે છે તો ગમે તેમ કરીને કંઈક સારુ કરીને તેને જમાડીએ છીએ. અને આ તો આપણા આત્માના સગા છે. આપણા સર્વેસર્વા છે. તેને કંઈ રોટલો - દાળ જમાડાય ! પણ મહારાજે ના પાડી છે. ભલે ના પાડી એ તો બહુ દયાળુ છે થોડો આગ્રહ કરીશું તો માની જશે. માટે મહારાજ માટે દૂધપાક અને માલપુવા કરીશું. આ તાંબાના બે બેડા કાઢી નાખો. વેચી આવો. શું કરવા છે. પછી તાંબાના પાત્રો વેચીને તેમાંથી સીધું લાવી દૂધ પાક

ને માલપુવા બનાવ્યા. હૃદયમાં ઉત્સાહ હોય પ્રેમ હોય ત્યા વાર ન લાગે. અંદરના ઓરડામાં પાટલો ઢાળીને મહારાજને જમવા બેસાર્યા અને થાળીમાં માલપૂવા અને મોટો વાટકો ભરીને દૂધપાક પીરસ્યો. એ જોતા જ પ્રભુ બોલ્યા અમારે નથી જમવું અમે ઉભા થઈએ છીએ. આપણે નક્કી કર્યું હતું કે તમારી સ્થિતિ દુર્બળ છે. એટલે અમે રોટલો ને દાળ બનાવવા કીધું હતું. એટલે હરખશા બોલ્યા હે મહારાજ ! આપણી શરત પ્રમાણે જ થયું છે. આ માલપુવા તે રોટલો છે અને દૂધપાક છે તે દાળ છે. ''કાલી રોટી ઔર ધોળી દાળ'' હે પ્રભુ આ રોટલાને દાળ જ છે એમ માનીને સ્વીકારો. ઓહો તમે તો બહુ જ્ઞાની થઈ ગયા છો. અમે તો એમ માનતા હતા કે તમે ગરીબ છો પણ તમે તો શાહુકાર છો. અમારે અત્યારે જ પાંચસો રૂપિયાની જરૂર છે લાવી આપો તો જ અમે જમવાનું ચાલુ કરીશું. પર ઉપકારી પરમાત્માની લીલા અલૌકિક છે. ઘરમાં પાંચ પૈસા પણ નહોતા એવી સ્થિતિ હતી ત્યાં પાંચસો રૂપિયા ક્યાંથી લાવવા ? પોતાની પત્નીને પૂછ્યું હવે શું કરીશું ? તેની પત્નીએ જવાબ આપ્યો કે મહારાજ આપણી પાસે રૂપિયા માગે એ આપણા મોટા ભાગ્ય કહેવાય માટે અત્યારે જ જાઓ વેપારીને ત્યાં આપણું ઘર ગીરવે મુકી આવો અને પુરા પાંચસો રૂપિયા લઈ આવો. ધન્ય છે હરખશાના પત્નીને! આનું નામ છે સ્નેહ ભર્યું સમર્પણ ! તેને ચિંતા ન થઈ કે પાંચસો રૂપિયા નહીં ભરાય તો આ ઘર ખાલી કરવું પડશે. પાંચસો રૂપિયા લાવીને શ્રીજી મહારાજની આગળ ઢગલી કરી. પછી મહારાજ જમ્યા, પાર્ષદોને જમાડ્યા. બહુ રાજી થયા અને પછી બોલ્યા આ પાંચસો રૂપિયા લઈને અમારી સાથે ચાલો. પ્રભુની આજ્ઞા થઈ એટલે ભક્ત મહારાજની સાથે ચાલતા થયા. મહારાજ વિસનગરથી ફરતા ફરતા દક્ષિણ ગુજરાતમાં પધાર્યા અને ત્યાં મબલખ તુવેરો પાકી હતી અને ખૂબ સસ્તી હતી એ વખતે એક રૂપિયાની ચાર મણ તુવેરો મળતી હતી. હરખશા ભક્ત પાસે પાંચસો રૂપિયાની તુવેરો ખરીદાવી ગાડા ભરાવ્યા અને હરખશાને કહ્યું તમારું ઘર બહુ મોટું છે. આ બધી તુવેરો તમારા ઘરમાં ભરી દો. અમારે જોઈશે ત્યારે મંગાવીશું. ગાડા ભરીને આ બધી તુવેરો દેવડા ગામમાં પોતાને ઘેર લાવી ઓરડામાં ભરી દીધી. તેમાંથી એક દાણો પણ વાપરે નહીં અને જાણે જે આ તો મહારાજની છે જેથી તાળુ મારી દીધું. અડસઠની સાલ પછી ઓગણોતેરના વર્ષમાં ભયંકર દુષ્કાળ પડ્યો (જેની ઈતિહાસમાં પણ નોંધ છે) માણસ ભૂખે મરી પશુના મોતે મરતા હતા. એવો કપરો દુષ્કાળ હતો. ક્યાંય પાણીનું ટીપું પડેલું નહીં. એ વખતે હરખશાએ મહારાજને ચિઠ્ઠી લખી કે હે મહારાજ ! વરસાદ છાંટો નથી. ભયંકર દુષ્કાળ છે. અને તમારી તુવેરો ઘરમાં પડી છે. અમને બીક લાગે છે કોઈ ચોરી કરીને આ તુવેરો લઈ જશે તો ? માટે દયા કરીને આ તુવેરો મંગાવી લો તો સારું. શ્રીજી મહારાજે વળતા જવાબ મોકલ્યો હે ભક્તરાજ એ તુવેરો અમારી નથી એ તુવેરો તમારી છે. ખૂબ વેચો અને ગરીબોને દાનમાં આપી દુઃખિયાને મદદ કરજો. અને એ વખત તુવેરનો ભાવ ચાલતો તો આઠ રૂપિયે એક મણ ! એક રૂપિયાની ચાર મણ ખરીદેલી તુવેરો આઠ રૂપિયે એક મણના ભાવે વેચવા લાગ્યા. ઈષ્ટદેવના વચન પ્રમાણે દુઃખિયાને મદદ કરી અને બાકીની છૂટથી વેચી. લાખોપતિ થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાનના મુખે એક શબ્દ બોલાયો હતો. તમે તો શાહુકાર છો. તે ખરેખર શાહુકાર થઈ ગયા અને જીવનમાં સુખી થઈ ગયા. ભગવાન જ્યારે આપે છે ત્યારે એવું આપે કે જીવને પરમાનંદ થાય. સંતોષ થાય. સુદામાની કથા જોઓ ! એક મુઠ્ઠી ચોખા જમ્યા તો દ્વારિકાધીશે તેને સોનાના મહેલ કરી આપ્યા. એજ રીતે સ્વામિનારાયણ ભગવાને આ ભક્તને ઘરે ભોજન આરોગી તેને લાખોપતિ બનાવી દીધો. એવી રીતે સ્વાર્થ વગર અપેક્ષા વગર સર્વના ઉપર ઉપકાર કરવાનો સ્વભાવ હોવાથી શ્રીહરિનું નામ સર્વોપકારય નમઃ એવું નામ સ્વામીએ પાડ્યું છે.

નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com

મહેસાણા : www.mahesanadarshan.com

છપૈયા : www.chhapaiya.com

ટોરડા : www.gopallalji.com

# શ્રીહરિના છઠ્ઠા અને સાતમાં વંશજના મુખેથી અમૃતવચનો

સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



સાર્વાવતારી સર્વોપરી શ્રીહરિની કૃપાથી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા કચ્છ ભુજ કે ગુજરાત નહિ, પરંતુ સામગ્ર ભારતવર્ષનું એક નજરાણું કહીએ તો પણ તેમાં અતિશયોક્તિ નથી. એવું કલા કોતરણીથી અદ્‌ભુત મકરાણાના સફેદ આરસ સંગેમરમરનું અતિ અદ્‌ભુત નૂતન મંદિર ભુજમાં નિર્માણ થયું. જે મંદિરમાં તા. ૧૮-૫-૧૦ વૈશાખ સુદ-૫ ના દિવસે સુવર્ણ સિંહાસન પર સોનાના વાઘા પહેરીને અનંત કોટી બ્રહ્માંડના રાજા - વિશેષે કરીને ભરતખંડના રાજા સર્વોપરિ શ્રી નરનારાયણદેવ બિરાજ્યા. આ પ્રસંગે તા. ૧૪-૫-૧૦ થી તા. ૨૩-૫-૧૦ પર્યંત એક મહા મોટો ઉત્સવ સમૈયો થયો. આ ઉત્સવ સમૈયો અને નૂતન મંદિરનું દર્શન કરતાની સાથે જ એવું લાગે કે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ તો ખૂબ વધી ગયું છે. પરંતુ સાથે સાથે શ્રીજી મહારાજે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને કહેલા વચનો યાદ આવે છે કે, "તમે ચિંતા ન કરશો, અમે તમારી સાથે છીએ. આ નરનારાયણદેવનો દેશ ભલે સૂકો રહ્યો, પરંતુ ભવિષ્યમાં ખૂબ વૃધ્ધિ પામશે." શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના વિદ્યમાન ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ કેટલા ઉદાર છે કે આ ઉત્સવ સમૈયામાં સ્વયં ૧૦ દિવસ હાજર રહીને સર્વે સંત-હરિભક્તોને અપાર સુખ આપ્યું. બીજી વિશેષતા એ છે કે શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠ સ્થાનના વિદ્યમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ આ પ્રસંગે પધારીને આશીર્વચન કહ્યા હતા.

તા. ૧૮-૫-૧૦ પ.પૂ. મોટા મહારાજશ્રી : (ભુજ મંદિર)



આપણા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે આ પદ પર પ્રથમવાર ચૂંટાઈને આવ્યા ત્યારે સૌ પ્રથમ તેઓ અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવ્યા હતા. એ વખતે તેઓ સાથેની વાતચીતમાં અમને તેઓની એક વાત બહુ સ્પર્શી ગઈ હતી. અમે તેઓને સાહેબ કહીને સંબોધન કરતા હતા ત્યારે તેઓએ કહેલું કે, મહારાજશ્રી આપ બહુ મોટા છો. માટે અમને આપ સાહેબ ન કહેશો. એ સમયે શ્રી નરનારાયણદેવના દર્શનથી તેમના પદનું લાબા સમય માટે ચાર્જીંગ થયેલું. આજે ભુજમાં શ્રી નરનારાયણદેવ નૂતન મંદિરમાં બિરાજ્યા છે અને તે પ્રથમ દિવસે જ તેઓએ અહીં આવીને શ્રી નરનારાયણદેવનું દર્શન કર્યું છે. માટે આજે અમે કહીએ છીએ કે તેઓના આ પદનું આજે રિચાર્જિંગ થયું છે. મહારાજે અમદાવાદ અને ભુજ એમ બે મંદિરમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા છે. નરનારાયણદેવની મૂર્તિમાંથી તો તેજ નીકળે છે પરંતુ આજે તો આ ભુજ મંદિરના શિખરો પણ તેજથી ઝળહળા થઈ રહ્યા છે. આ મંદિરના શિખરો જોઈને પણ લોકો શ્રી નરનારાયણદેવનું દર્શન કરવા માટે આવશે. એવા આ અદ્‌ભુત મંદિરમાં અહીંના સંતો-હરિભક્તોએ ખૂબ ધગશ, નિષ્ઠા અને ઉત્સાહથી સેવા કરી છે જે ખૂબ ધન્યવાદને પાત્ર છે. આવીને આવી આ દેવની સંભાળ કાયમ માટે રાખશો એજ મહારાજના ચરણોમાં અમારી પ્રાર્થના છે.

તા. ૨૩-૫-૧૦ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી (ભુજ મંદિર) : ગંગા નદીમાં માત્ર સ્નાન કરવાથી જ પાપ ધોવાતા નથી, પરંતુ સ્નાન કર્યા પછી ગંગા નદીને હૃદયમાં

લઈ જવાથી પાપ ધોવાય છે. તેવી રીતે આ ઉત્સવ સમૈયામાં આવીને પછી બધું વિસારીને આપણે અહીંથી જતા રહીએ તો દૂર દૂરથી આવ્યા હોઈએ તો પણ લેખે ન લાગે. આજે ઉત્સવની પૂર્ણાહુતિ નથી થતી, આજથી આપણા હૃદયમાં આ ઉત્સવ ચાલું જ રહેવો જોઈએ. આપણા હૃદયમાં આ ભગવાન, આ દેવ તથા ઉત્સવને સમેટીને જ સૌએ અહીંથી જવાનું છે. તો જ આવા ઉત્સવ સમૈયાનો દાખડો સાર્થક ગણાય. આ મંદિર નિર્માણમાં, આ ઉત્સવમાં કેટલાયે વડીલ સંતોએ, નાના મોટા સૌ સંત-હરિભક્તોએ, સાંખ્યયોગી બહેનોએ તથા અન્ય સ્વયંસેવક આદિક ભાઈ-બહેનોએ અથાગ મહેનત કરી છે. તે સૌ અભિનંદનને પાત્ર છે. ઘણા સ્વયં સેવકોએ પોતાની ફરજ પાલન, કર્તવ્ય નિષ્ઠામાં આ સભા મંડપ પણ નહિ જોયો હોય ! તેની સેવાની નોંધ આપણે કદાચ અહીં ન રાખી શકીએ. પરંતુ મહારાજ દરેકની સેવા-સત્કર્મની નોંધ અવશ્ય રાખતા હોય છે. અહીં બહુ જાહેરાત કરીને વાહ વાહ કરાવીએ તો એ સત્કર્મ ત્યાં પુરું થઈ જાય.

ઘણાં લોકોને કોઈ મોટા રાજકીય પુરુષ કે મોટા પદાધિકારી સાથે ઓળખાણ-નાતો થયો હોય તો પણ તે માણસ ઉંચા કોલર રાખીને ફરે છે, જમીનથી ૧ ફૂટ ઉંચો ચાલે છે. તો આપણને તો અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની ઓળખાણ થઈ છે. સંબંધ થયો છે. તો તેનો આપણા જીવનમાં કેટલો ગર્વ હોવું જોઈએ. આપણે સૌ તે ભગવાનના દીકરા છીએ, સ્વામિનારાયણ ભગવાન આપણા સૌના બાપ છે. આપણે સૌ સ્વામિનારાયણ ભગવાનના થઈને રહીએ, નરનારાયણદેવના થઈને રહીએ. દરેક વ્યવહારમાં ભગવાનને કેન્દ્ર સ્થાને રાખીએ. દુકાન કરીએ કે ઓફિસ કરીએ તેમાં પણ ભગવાનને જ કેન્દ્ર સ્થાને રાખીને કોઈપણ પ્રવૃત્તિમાં ભગવાનને ન ભૂલીએ. આપણા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઈન્દ્રિયો અને અંતઃકરણ કુસંગી છે. તેને ભગવાન સંબંધી વાત ગમતી નથી. લોકોની નિંદા સાંભળવી કે ગ્રામ્યવાર્તા કરવી આપણને ગમે છે. ન જોવાનું દ્રશ્ય જોવાનું આપણને ગમે છે. કથાવાર્તા તથા સત્સંગથી આ બધું દબાય છે. કથાવાર્તાથી જ રૂડા ગુણ આવે છે. બીજા શું કરે છે તે જોવા કરતા આપણે આપણું જ જોવું જોઈએ. આપણી પાસે ઘણું બધું સાહિત્ય તથા કેસેટો પણ છે. પુસ્તકો ઘેર લઈ જઈને તેને કબાટમાં મૂકી રાખવા માટે નથી હોતા. વિમોચન સમયે માત્ર ફોટા પડાવવાથી કામ સરતુ નથી. સચ્છાસ્ત્રોનો ઉપયોગ કરવાથી ધર્મ, ભક્તિ તથા સંસ્કારોમાં વૃદ્ધિ થાય છે. ટાઈમ ન હોય તો ગાડીમાં કે ઘેર કામ કરતા પણ આવી કથા પારાયણની કેસેટનો ઉપયોગ થઈ શકે છે.

મહારાજે સર્વ શાસ્ત્રોનું મંથન કરીને તેમાંથી અમૃત કાઢીને શિક્ષાપત્રી રૂપે આપણને આપ્યું છે. અમુક વસ્તુ આપણે રોજ વાંચતાં હોઈએ કે ગાતા હોઈએ પછી તે યંત્રવત રૂટિન ક્રમ બની જવાથી તેની મહત્તા ઘણી વાર દ્રષ્ટિમાં નથી આવતી. આરતી ના પદમાં આપણે રોજ ગાઈએ છીએ કે, કાળ, કરમથી છૂટી ..... જનરલ નિયમ એવો છે કે કોઈ મનુષ્ય કાળથી છૂટી શકતો નથી તેમ કર્મથી પણ છૂટી શકતો નથી. દરેક મનુષ્યને સારા-નરસા કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. પરંતુ આપણને જે ભગવાન મળ્યા છે તે ભગવાને આપણા કર્મ ઉપર પણ ચોકડા માર્યા છે. વિધિના લેખ ભૂંસી નાંખે તેવા ભગવાન આપણને મળ્યા છે. આવા ભગવાન સાથે આપણો સંબંધ થયો પછી શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન એજ આપણા માટે મોટા સુખનું કારણ છે. શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન કે નંદ સંતોની વાતો દરેકમાં મહારાજે આપણા સુખનો વિચાર કર્યો છે. પોતાનો આશ્રિત કેમ વધારેમાં વધારે સુખી થાય તે લક્ષ રાખ્યું છે. પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસેથી પણ પોતાના આશ્રિતના સુખ માટેના વરદાનો માંગ્યા છે. મહારાજ કહે, આ ઉદ્ધવ સંપ્રદાયના સત્સંગીને રૂંવાડે એક વીંછીની વેદના થવાની હોય તો કોટી વીંછીની વેદના અમારે શરીરે થાય પણ આ સંપ્રદાયનો આશ્રિત સુખી થાય. બીજું વરદાન રામ પાતર કઢાવીને અન્ન વસ્ત્રનું માગ્યું એ ભગવાન થકી આજે આપણે સુખી છીએ. આપણી બુદ્ધિથી આપણે સુખી નથી થયા. મહારાજ આપણું શૂળીનું દુઃખ સોયે કાઢે છે. આવો ભગવાન ક્યાં મળે ?

હમણાં અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ વૃક્ષોનું વાવેતર કરીને તેને ઉછેરવાની જે વાત કરી તે વાત પણ અમને બહુ ગમી, કારણ કે પર્યાવરણનું જતન આપણા સૌના માટે ખૂબ જરૂરી છે. વિશેષ કંઈ ન કહેતા, ભગવાનને કેન્દ્રમાં રાખીને દરેક કાર્ય કરવું એ જ અમારો સર્વેને અનુરોધ છે. આ મંદિરમાં નાની મોટી સેવા કરનાર દરેકને તથા ઉત્સવમાં સહભાગી તમામ ભક્તજનોને મહારાજ ખૂબ સુખીયા કરે એજ શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં અમારી પ્રાર્થના.

# રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત પરસ્ત્રીયા સંગ કો ત્યાગ

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

ભગવાન સ્વામિનારાયણના પ્રેમમૂર્તિ સંત સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ બતાવેલ અગિયાર નિયમોમાં પહેલું નિયમ "હિંસા ન કરની જંતુ કી" વિશે આપણે જોયું. હવે સ્વામી બીજું નિયમ પરસ્ત્રીયા સંગ કો ત્યાગ નો ઉલ્લેખ કરે છે.

પરસ્ત્રી અને પરપુરુષ એટલે કોણ ? સામાજીક અને ધાર્મિક કાયદાની દૃષ્ટિએ સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથીથી જોડાયા હોય તો પરણ્યા એ જ પત્ની. તે સિવાયની તમામ સ્ત્રી તે પરસ્ત્રી ગણવામાં આવે છે. ઘણા લોકો ગણિકાને પરસ્ત્રી ગણતા નથી પણ તેને શાસ્ત્ર સંમતિ આપતું નથી. પોતે જે સ્ત્રી સાથે પરણ્યા એ જ પત્ની બાકી વિશ્વની તમામ સ્ત્રી પરસ્ત્રી છે. એ જ રીતે સ્ત્રીઓને પોતાના પરણ્યા પતિ સિવાયના પુરુષો તે પરપુરુષ છે. એમકહેવાય છે કે "સંસારમાં સરસો રહે...... સંસારમાં સમાજમાં રહીને પણ જે એક પત્નીવ્રત ધારી છે એ તો સાક્ષાત્ રામનો પરિવાર છે. અને એના જેવો ઉત્તમઅને પવિત્ર પરિવાર બીજો કોઈ નથી. આપણા સંતો કહે છે કે જે એક પત્નીવ્રતધારી ગૃહસ્થાશ્રમી પુરુષ છે તે તો ત્યાગી સમાન પવિત્ર છે. અને આપણી આ ભારત ભૂમિમાં અનેક એવા પવિત્ર સ્ત્રી પુરુષો હતા અને અત્યારે પણ છે. જેઓ ત્યાગી સમાન પવિત્ર કહેવાણા. પરસ્ત્રી સંગનો ત્યાગ કેવો હોવો જોઈએ એ વાતને દર્શાવતો એક પ્રસંગ કવિ સમ્રાટ ઝવેરચંદ મેઘાણીએ પોતાના પુસ્તક "સોરઠી બહારવટિયા" માં અદ્‌ભુત વર્ણવ્યો છે.

સોરઠ પ્રદેશમાં ચરખા નામનું ગામ છે. આ ગામમાં ક્ષત્રિયકુળમાં ઈ.સ. ૧૮૩૫માં સૂર્યનારાયણના ભક્ત ચાંપરાજ નામનો બહારવટિયા થઈ ગયો. બહારવટિયા એને કહેવાય જે પોતાનો ગામ ગરાસ કોઈકે પડાવી લીધો હોય તેને પાછો મેળવવા બહારવટે ચડે. આ ચાંપરાજ પણ બહારવટે ચડેલા. ઘણાય સમયથી અંગ્રેજ સરકાર તેમને પકડવા અનેક ઉપાયો કરી ચુકેલી. પણ આ ચાંપરાજ કોઈને હાથ આવ્યા નહિ. અંતે જ્યારે અંગ્રેજ સરકારને ખબર પડી કે જેતપુરના રાજા મુળુવાળા અને ચાંપરાજ વચ્ચે સારી એવી મિત્રતા છે. અને મુળુવાળા છુપી રીતે ચાંપરાજ ને અન્ન વસ્ત્રાદિક પણ આપે છે. આ વાતની ખબર




પડતા અંગ્રેજ સરકારે જેતપુરના રાજા પર દબાણ કર્યું. અને કહ્યું અમુક દિવસોમાં ચાંપરાજને તમે સરકારમાં સોંપી દેજો. નહિતર તમારું રાજ્ય જપ્ત કરી લેવામાં આવશે. મુળુવાળાએ વિચાર કર્યો કે રાજ્ય જતું હોય તો ભલે જાય પણ મારે મારા મિત્રનું જીવન જોખમમાં નાંખવું નથી. આ બાજુ જ્યાં ચાંપરાજને સમાચાર મળ્યા તરત જ તે મુળુવાળા પાસે આવીને કહ્યું કે મિત્ર મારા માટે તમારું રાજ્ય ન જવું જોઈએ તમે મને સરકારમાં સોપી દો. છતા પણ જ્યારે મુળુવાળા ન માન્યા એટલે ચાંપરાજ સામે ચાલી અંગ્રેજ સરકાર

સમક્ષ હાજર થઈ ગયા. અંગ્રેજ સરકારે તેમને અમદાવાદની જેલમાં બંદી બનાવીને રાખ્યા.

થોડો સમય જતાં ચાંપરાજ જ્યાં પોતાની કોટડીમાં બેઠા હતા ત્યાં અચાનક જેલમાં દોડધામ થવા લાગી ! બધા આમથી તેમ દોડાદોડ કરવા લાગ્યા. ચાંપરાજ વાળાને થયું અચાનક આ શેની દોડધામ મચી. એક સૈનિકને ઉભો રાખ્યો અને પૂછ્યું ભાઈ આ બધી શેની દોડધામ ચાલે છે. ત્યારે પેલા સૈનિકે કહ્યું કે જેલર સાહેબની પત્નીને પ્રસુતિનો સમય થયો છે. ખૂબ પીડા થાય છે. પણ બાળક જન્મતું નથી. આમ કહી પેલો સૈનિક ચાલ્યો ગયો.

આ બાજુ જેલરે કેટલાય ડોકટરો વૈદ્યોને બોલાવ્યા. સૌ પ્રયાસ કરવા લાગ્યા પણ કોઈથીય પ્રસુતિની પીડા ટળી નહિ. વૈદ્યો અને ડોકટરો થાક્યા. થયું કે આ સ્ત્રી કે બાળક બન્નેમાંથી એકેય બચે એમ હવે લાગતું નથી. પેલી બાઈ પણ પ્રસુતિની પીડા સહન ન થવાથી ચીસો પાડી રહી હતી. રુદન કરી રહી હતી. અવાજ સાંભળી ચાંપરાજ વાળાને દયા આવી. એક સૈનિકને કહ્યું કે ભાઈ જેલર સાહેબને કહો કે જો તમે કહેતા હો તો ચાંપરાજ બાળકનો જન્મ કરાવી આપે. જેલરને મનમાં થયું કદાચ આ ચાંપરાજ વેરભાવથી મારી પત્નીને મારી નાંખે તો ? આ સમાચાર ચાંપરાજને મળ્યા. ચાંપરાજ કહે જેલરને કહો કે મારે એમની પત્ની સામું જોવુંએ નથી. બસ મને અહીંથી છૂટો કરી નદી કિનારે લઈ જાઓ. હું ભાગીશ નહિ એવું વચન આપું છું. આમ જ્યાં કહ્યું એટલે જેલર પાસે બીજો કોઈ રસ્તો તો હતો નહી. મંજુરી આપી ચાંપરાજ ને બહાર કાઢવામાં આવ્યા. ચાંપરાજ કહે મને એક નાનું પાત્ર આપો. પાત્ર લઈ નદી કિનારે ગયા. નદીમાં સ્નાન કરી પોતાના ચોયણાનું નાડું નીચોવી એ પાણી પેલા પાત્રમાં ભર્યું અને કહ્યું લ્યો આ પાણી જેલરની પત્નીને પીવડાવજો. બાળકનો જન્મ થશે. અને થયું પણ એવું જ્યાં બે ટીપાં પાણીના જેલર પત્નીના મુખમાં મુક્યાં ત્યાં તો થોડીજ વારમાં સુખેથી બાળકનો જન્મ થયો ! સર્વે ડોકટરો વૈદ્યો આદિક વિચારમાં પડ્યા આ કઈ રીતે બને. ચાંપરાજને પૂછ્યું ભાઈ તેં પાણીમાં એવું તો શું નાખ્યું જે અમે મહેનત કરીને થાક્યા તોય જે કાર્ય ન થયું અને આ તારા બે ટીપા પાણીથી થઈ ગયું ! ત્યારે ચાંપરાજ કહે મેં પાણીમાં કાંઈ નથી નાખ્યું. મેં તો મારા ચોયણાનું નાડું નીચોવીને પાણી આપ્યું હતું. પણ પાણી આપતા પહેલા મેં ભગવાનને પ્રાર્થના કરેલી કે હે પ્રભુ મેં જો મારા જીવનમાં કોઈ પરસ્ત્રી સામું ખરાબ દૃષ્ટિથી જોયું પણ ન હોય તો આ બાઈની પીડા મટજો.

આને કહેવાય પરસ્ત્રી સંગનો ત્યાગ. એ ચાંપરાજ જગતની દૃષ્ટિએ લૂંટારો કે બહારવટિયો હતો પણ એના હૃદયમાં પરસ્ત્રી ત્યાગની અતૂટ ભાવના હતી. માટે એ બહારવટિયો હોવા છતાં મહાન કહેવાણો.

### શ્રી સ્વામિનારાયણ માસિકમાં દેશ વિદેશના સત્સંગ સમાચાર અને ફોટોગ્રાફ મોકલવા અંગે

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં સત્સંગ સમાચાર મોકલનારને ખાસ સૂચન છે કે જે તે માસની ૨૦ તારીખ સુધીમાં કાર્યાલયમાં મળે તે રીતે સત્સંગ સમાચાર ખૂબજ મુદ્દાસર અને ટૂંકા, સ્વસ્છ અક્ષરે લખીને મોકલવા. ત્યારબાદ આવેલા સત્સંગ સમાચાર તે પછીના અંકમાં પ્રકાશિત થશે. તેની ખાસ નોંધ લેવી. લંબાણ પૂર્વકના સમાચાર લખવા નહિ.

### સરનામું બદલવા માટે ગ્રાહક નંબર જરૂરી

શ્રી સ્વામિનારાયણ અંકમાં જે તે સભ્ય પોતાનું રહેઠાણ બદલે ત્યારે નવા સરનામાં સાથે પોતાનો સભ્ય નંબર અચૂક જણાવવો. **સભ્ય નંબર વગર સરનામું બદલાશે નહી.** અને પોતાના વિસ્તારનો પીનકોડ નંબર પણ જણાવવો જરૂરી છે.

# વિજાપુરનાં વજીબા

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ભગવાનના દઢ ભક્ત કેવા હોય તેનું સુંદર અને હૃદયસ્પર્શી ચરિત્ર-ચિત્રણ વિજાપુરનાં વજીબાનું છે. એમને જ્યારે મોડે મોડે મહારાજનો ખરો મહિમા સમજાયો ત્યારે ભવની ભીડ ભાંગવા માટે ભગવાન સાથે ભાગીદારી કરી હતી. ભગવાનની જે નિષ્કામ ભક્તિ કરે છે, તે સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ પામે છે. ભયંકરમાં ભયંકર માનવીમાં પણ ભગવાનની ભક્તિ ખૂણે ખાંચરે પડી હોય છે. વજીબાને આખરે મોડે મોડે પણ સમજાય છે કે, ઈષ્ટદેવની ભક્તિ, ભાવના, શ્રદ્ધા અને સમર્પણ એ તો અક્ષરધામનાં સોપાન છે. વજીબાને ભગવાનની ભક્તિનો આનંદ માણ્યા પછી, આસ્વાદની અનુભૂતિ થયા પછી સંસારની કોઈપણ ચીજનું આકર્ષણ રહ્યું ન હતું. ભક્તિ ગંગાના તીરે સ્નાન કર્યા પછી વજીબા ભગવાનના દઢ ભક્ત બની ગયા હતા. ભગવાનના દર્શન થયા પછી તેમને સ્વદોષોનું દર્શન થઈ ગયું હતું અને તેથી તેઓ માનવા લાગ્યા કે પોતાના પર ખરેખર કરુણાનિધાનની કૃપા થઈ છે.

જીવનમાં ગમે તેટલા ચમત્કાર દેખાય કે કોઈ શંકાનું ભૂત ઊભું કરે પણ એવા ભક્ત ભગવાનની ભક્તિ કે દઢ નિષ્ઠામાંથી ડગે જ નહિ. એટલું જ નહિ ભગવાન પોતે પણ તેની કસોટી કરે તો પણ તે ભક્ત ચલાયમાન થાય નહિ. વિજાપુરનાં વજીબા ભગવાન સ્વામિનારાયણનાં એવાં અનન્ય ભક્ત હતાં, આસ્તિક સ્વભાવનાં હતાં. શરૂ શરૂમાં તો ભેખધારી માત્રને ભગવાન ગણી પૂજતાં અને સેવતાં. અરે ! હોકો, તમાકુ પણ આપતાં ! વજીબા સથવારા જ્ઞાતિનાં હતાં. રામાયણમાં લક્ષ્મણનાં પત્ની



ઉર્મિલાની ઉપેક્ષા કરવામાં આવી છે, તે રીતે આ પાત્રની પણ સંપ્રદાયમાં થોડે ઘણે અંશે ઉપેક્ષા કરવામાં આવી છે. અલબત સાધુ-સંતો પ્રત્યે તેમને અપાર ભાવ હતો. વિજાપુરમાં જે સાધુસંત આવે તો તેમને ત્યાં જ ઊતરે. તેમને ભાંગ, ગાંજો, ચલમ જે કાંઈ જોઈએ તે પ્રેમથી આપે.

તેમને એવી સમજણ કે ભેખધારીમાં ભગવાન રહ્યા હોય તેથી તેમનો અભાવ કે અંવગુણ લેવાય જ નહિ. એક વખત મહારાજના પરમહંસ રામદાસ સ્વામી વિજાપુર ગયા. વજીબાએ તેમને પોતાને ત્યાં ઉતારો આપ્યો. સ્વામી તેમને ત્યાં ૧૨ દિવસ રોકાયા. સ્વામીએ વજીબાના પતિને મહારાજના મહિમાની અને તેમના ઐશ્વર્યની ખૂબ વાતો કરી. વજીબા રોજ આ બધું પડદા પાછળ બેસીને એકાગ્રતાથી સાંભળતાં. આથી પતિ-પત્ની બંને સત્સંગી થયા.

વજીબાના જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયું. હવે તો વજીબા કોઈ સાધુ, વેરાગી-બાવા, ચલમકે બીડી ફૂંકનારા કે ગાંજો પીનારાને પોતાને ત્યાં કદી ઉતારો ન આપતાં. તેમણે મહારાજનાં તો હજી દર્શન કર્યા ન હતાં, પરંતુ અહોનિશ મહારાજની જ આજ્ઞાને અને શિક્ષાપત્રીના આદેશને આધીન થઈને રહેતાં. ભગવાન દૂર હતા તેથી અખંડ પ્રાર્થના અશક્ય બની જતી, તેથી ધ્યાનમાર્ગ વડે પ્રભુને સતત પાસે રાખતાં. રામદાસ સ્વામીએ આ દંપતીને સમજાવ્યું હતું કે, "નિર્વિચાર ધ્યાન એ સાધનાનું પરમ લક્ષ્ય છે. ધ્યાન જીવનની સૌથી મહાન કલા છે. મોક્ષ પ્રાપ્તિ માટે ધ્યાન જ એક રાજમાર્ગ છે. ધ્યાન એ પ્રેમની ગતિ છે. માટે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એ ત્રણેયનો સમન્વય થવો જોઈએ. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, દાનથી ધનની શુદ્ધિ થાય છે, અને ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે......."

એક વખત વજીબાની ભક્તિની પરીક્ષા કરવા મહારાજ પોતે પધાર્યા. વજીબાએ કહ્યું : "મારે ત્યાં ઉતારો નહિ મળે. તારે તારું આત્યંતિક કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણનો આશરો કર."

"અરે ! એ તો પાખંડી છે, એ ભગવાન નથી. તને ભોળી અને અભણ જાણીને કોઈએ ભરમાવી છે."

"જો સ્વામિનારાયણનું વાંકું બોલીશ તો તારો અને તારા આ બ્રહ્મચારીનો લબાચો બહાર ફેંકી દઈશ."

"હવે નહિ બોલીએ, અમે અહીં એક રાત પડ્યા રહીશું." એમ કહી મહારાજે તો પડાવ નાખ્યો. મહારાજ સૂતા પણ ઊંઘ ન આવી. તેથી અંતર્યામીએ તો બીજા ઓરડામાં રંગીન ઢોલિયો, નવું ગાદલું-ગોદડું વગેરે હતા તે માગ્યા. વજીબા તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

થોડીવારે મહારાજે પગ લાંબા કર્યા અને દૂર પીપળો હતો ત્યાં અડાડ્યા. અંગૂઠામાંથી તેજ નીકળ્યું. આ બધું વજીબાએ બારણું સહેજ ખોલી જોયું. અરે ! આવા ચમત્કાર દેખાડવાવાળા તો ઘણા બાવા આવે છે, પણ મારા સ્વામિનારાયણ જેવા નહિ. એમનું મન જરા પણ ડગ્યું નહિ. મહારાજ તો વહેલા ઉઠીને ચાલ્યા ગયા.

થોડા વખત પછી વજીબા મહારાજનાં દર્શનાર્થે ગઢપુર ગયા. ચરણ સ્પર્શ કરવા જાય છે ત્યારે મહારાજે ટકોર કરી : "તમારા પીપળે અડ્યાં હતાં તે આ જ ચરણારવિંદ કે બીજાં ?" વજીબા તો અનિમેષનેત્રે મહારાજની સામે જોઈ જ રહ્યાં ! અને શરમાઈ ગયા.

"મહારાજ ! મેં અભાગીએ આપને ઓળખ્યા નહિ અને તિરસ્કાર કર્યો." એમ કહી માફી માગી.

સભામાં મહારાજે સૌને વજીબાની વાત કરી અને કહ્યું કે આપણે પણ એમના જેવા દૃઢ ભક્ત થવાનું છે. વિજાપુરમાં વજીબાનું ઘર પ્રસાદીના સ્થળ તરીકે પ્રખ્યાત છે.

## અત્યંત ભવ્ય અને દિવ્યરૂપે ઉજવાયેલો ભુજનો

# શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહા મહોત્સવ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)




શ્રીજી મહારાજે સ્વહસ્તે બાથમાં ભીડીને પધરાવેલું સ્વસ્વરૂપ તેની પ્રત્યક્ષતા એટલે જ ભુજમાં તા. ૧૫-૫-૨૦૧૦ થી તા. ૨૩-૫-૨૦૧૦ સુધીનો શ્રી નરનારાયણદેવ નો નૂતન મંદિરનો મહામહોત્સવ. જ્યાં દેશ પરદેશથી પધારેલા તથા સ્થાનિક ભક્તજનો લાખોની સંખ્યામાં ઉપસ્થિત રહે છતાં અનેરી શિસ્ત બધ્ધતા, સ્વચ્છતા, સગવડતા, સ્થળે સ્થળે સુગમતાના દર્શન થતાજ રહે એજ શ્રી નરનારાયણ દેવની અસીમકૃપાજ કહી વંદન કરવા પડે. કારણ કે આ અભુતપૂર્વ કાર્ય થયું. સાક્ષર લખે તો મહાગ્રંથ તૈયાર થાય.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના ગાદીપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અવિરત વિશ્રાંતિ લીધા વિના પ્રત્યેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અને જે મહાયોગદાન અર્પ્યું તેથી પ્રત્યેક હરિભક્ત, સત્સંગીજનો સંતો, મહંતો, મહેમાનો, પધારેલા રાજકીય મહાનુભાવો, સામાજીક કાર્યકરો, મિડીયાના પ્રતિનિધિઓ, કવિઓ સાહિત્યકારો તેઓશ્રીના અપર સ્વરૂપ કહેતાં શ્રીજી મહારાજના અપર સ્વરૂપમાં અંજાઈ ગયા. કહો કે ખૂબ જ આકર્ષાઈ ગયા. વૈશાખના આ ધોમધખતા ૪૬° તાપમાનમાં શોભાયાત્રા સમયે પાંચ પાંચ કલાક સાથે રહી દેશવિદેશથી પધારેલા ભક્તો, કલાકારો, કસબીઓને પ્રોત્સાહિત કરવા એ તેઓશ્રીની તપશ્ચર્યા નહિં તો બીજું શું ?

નિમંત્રણને માન આપી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૧૮-૫-૧૦ ના પધાર્યા. સાથે મંત્રીઓ શ્રી નરોતમભાઈ પટેલ, શ્રી વાસણભાઈ આહીર અને પદાધિકારીઓ હતા. મુખ્યમંત્રીશ્રીએ મોટા મહારાજશ્રી, આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રીને ભાવથી વંદન કર્યા. પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ સંબોધ્યું કે, "શ્રી નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા કે તરત જ તેઓ અમદાવાદ આપણા કાળુપુર મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શને આશીર્વાદ લેવા પધાર્યા. જે આશીર્વાદ તેમની ગુજરાતના વિકાસની કામગીરીમાં નીરખી શકાય છે. હવે ફરીને તેઓ આજે ભુજના શ્રી નરનારાયણદેવના આશીર્વાદ મેળવી રહ્યા છે. એ પણ સુભગ સંજોગજ કહી શકાય. આ પ્રસંગે કન્યા કેળવણી અર્થે મંદિર તરફથી મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજીએ મુખ્યમંત્રીશ્રીને ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વક્તવ્ય આપતાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સામાજીક સુધારણાની અનેક ક્ષેત્રની આગવી અને સફળ કામગીરીને બિરદાવી હતી. કાળપુર મંદિરની ભવ્યતા કલાત્મકતાની એક અત્યંત રસપ્રદ અને રોચક ધ્યાન ખેંચતી વાત કહેતાં જણાવ્યું કે, "આ સંપ્રદાયે દેશની આઝાદી પ્રાપ્તિમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. જેનો ઈતિહાસ સાક્ષી છે. જ્યારે અંગ્રેજોની સામે આંગળી ચીંધી ન શકાતી ત્યારે

ઈ.સ. ૧૮૫૭ ના બળવાના પ્રસંગો દર્શાવતી કાષ્ટકલા આપણા કાળુપુરના મંદિરમાં આજે પણ કોતરેલી યથાવત છે. એ સમયે સંતો અને ભક્તોએ કલાકારોને ઊઠાવેલી જહેમતની તેમણે ખૂબજ પ્રશંસા કરી હતી. તા. ૧૮-૫-૨૦૧૦ વૈશાખ સુદ-૫ ના શુભદિને શ્રી નરનારાયણદેવ આદિ દેવો પર મહાઅભિષેક પૂ. મોટા મહારાજશ્રી, પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. અન્નકૂટ મહોત્સવ તથા તમામ શિખરો પર સુવર્ણ કળશ તથા ધ્વજની સ્થાપના કરવામાં આવી હતી.''

આ મહામહોત્સવમાં પ્રદર્શને અનેરૂં આકર્ષણ જગાવ્યું હતું. મુખ્ય છ ડોમ ઊભા કરાયેલા. આ ડોમમાં કુલ ૩૨ ખંડો ઊભા કરાયેલા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્રો તાદશ કરવામાં આવ્યા. લાઈટનો લેઝર શો, હિમાલય, હાઈટેક કૃષિ મેળો, બાલનગરીમાં ૩૪ ચગડોળ આકર્ષણના કેન્દ્રરૂપ રહ્યા. પ્રતિદિન રાત્રે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમો દેશ વિદેશના કલાકારોએ રજૂ કર્યા. મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું. શ્રી નરનારાયણદેવ મેગા મેડીકલ કેમ્પનું પણ સફળ આયોજન થયું. મંત્ર લેખન તથા મંત્રજાપ, અખંડ ધૂનનું પણ આયોજન થયેલું. હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટિ આકર્ષક બની.

કચ્છની પાંજરાપોળોમાં ગાયોને લીલુંઘાસ નીરવામાં આવ્યું. અંધશાળા, જનરલ હોસ્પિટલ, મહિલા આશ્રમ આદિમાં પ્રસાદ પહોંચાડવામાં આવ્યો. સત્સંગી મહિલાઓનું સંમેલન પણ બોલાવાયું - આ શુભ પ્રસંગે દેશ વિદેશના તમામ દાતાઓને સન્માનવામાં સતકારવામાં આવ્યા તેમને પ્રતિક ભેટમાં મંદિરની પ્રતિકૃતિ, શાલ તથા પુષ્પમાળા આદિ મહંત સ્વામીશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવ્યા. એક દિવસ વડતાલ



દેશના આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રી પણ ઉપસ્થિત રહ્યા. અમદાવાદ મંદિરના મહંત પૂ. શાસ્ત્રીશ્રી હરિકૃષ્ણદાસજી, ગાંધીનગર સેકટર-૨ ના મહંત સ્વામી પૂ. ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી પોતાના સંત મંડળ તથા અમદાવાદ, કણભા, મુંબઈ, રાજકોટ, જામનગર, સુરત, મુંબઈ, વડોદરા આદિ અનેક સ્થળોના પોતાના શિષ્ય સમુદાય સાથે ખાસ પધારેલા. સુંદર વક્તવ્ય આપી સૌને ભાવ વિભોર કરી ગયા. ગાંધીનગર સેકટર-૨૩ ના મહંત સ્વામી શ્રીહરિકેશવદાસજીએ પણ ઉપસ્થિત રહીને ભક્તોને સુંદર સંબોધન કર્યું. સંપ્રદાયના બન્ને ગાદીના સંતો મહંતો ભક્તો પધાર્યા. ઉતારા, લાઈટ, પાણી, ભોજન તથા સફાઈનું આગવું આયોજન સફળ રહ્યું. અનેક વિડીયો કેસેટો તથા સંપ્રદાયનું સાહિત્ય આ પ્રસંગે બહાર પડ્યું છે.

## આપણા આગામી ઉત્સવો

**અષાઢ સુદ-૧૫** તા. ૨૫-૭-૨૦૧૦ રવિવાર સવારે ૭-૩૦ થી ગુરુ પૂર્ણિમા મહોત્સવ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન અર્ચન.

**અષાઢ વદ-૨** તા. ૨૮-૭-૨૦૧૦ બુધવાર શ્રીહરિ બાલ મુકુન્દજીને હિંડોળે ઝુલાવવા સાંજે ૫-૦૦

**અષાઢ વદ-૧૦** તા. ૫-૮-૨૦૧૦ ગુરુવાર શ્રી નરનારાયણદેવ સંસ્થાનના ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ. શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ધામધૂમથી ઉજવાશે.

# સંગ ચલત નહિ કોય

- મોદી જયંતિલાલ વિઠ્ઠલદાસ (વિસનગર)

હાય રે મારું રતન રોળાઈ ગયું, કાળજું કપાઈ ગયું.... એવું તે ક્યું, પાપ કર્યું કે મહારાજે એને વહેલી ઉપાડી લીધી ! અમદાવાદના નથુભટ્ટના પત્ની ધામમાં ગયાં તેનો વિરહ શમતો નથી. વારે વારે બળતી ચિત્તામાં પડવા દોડે છે પણ મજબુત આદમીઓ એમને ઝાલી લે છે.

ચિતા બળી ગઈ. રાખનો ઢગલો થયો. સંધ્યાની ઋમ્યું વળી ગઈ. ડાઘુઓ મસાણમાં ક્યાં સુધી બેસી રહે ! સૌ નદીએ સ્નાન કરી કરી ઘર ભણી વહેતા થયા. પણ ભટ્ટજીને કશું સૂઝતું નથી. શ્રીનગરના મોભાદાર ભક્તોએ ખૂબ મનાવ્યા, સમજાવ્યાને પરાણે નવડાવ્યા. હીરાચંદ ચોકસી, દામોદર પટેલ, લાલદાસ ગોરા, શંભુદાસ વગેરે ભક્તો ભેગા થઈને ભટ્ટને આશ્વાસન આપી રહ્યા છે. જેમ જેમ લોકો ખરખરે આવતા ગયા તેમ તેમ ભટ્ટજીનો વિરહ વધતો ગયો. નથુભટ્ટ ભાગવતની પારાયણો કરતા. વૈષ્ણવોની હવેલીમાં પણ કથા કરવા જતા. શ્રીજી મહારાજનો આશ્રય કર્યો ત્યારથી મહારાજ સાથે ફરતા મહિમા કહેતા સર્વોપરી પણાનું ગાન કરતા.

આજ અચાનક આધેડ વયે પત્નીનો દેહ પડ્યો એનો કારમો ઘા ભટ્ટજીને હૈયે વાગ્યો. સગાં-સ્નેહીઓ બેસણામાં આવતા, ખરખરો કરતા. પત્નીના ગુણ સાંભળી સાંભળી ભટ્ટજીનો શોક અનેક ગણો વધી ગયો. એ ખુલ્લે આમ કહેવા લાગ્યા. મહારાજે મારું જ ખોરડું ભાળ્યું ? મારું સર્વસ્વ લૂંટાઈ ગયું, હાય હાય હવે હું કેમ જીવીશ ? હીરાચંદ ચોકસીએ કહ્યું : ભટ્ટજી ! આમને આમ રડ્યા કરવાથી શું વળશે. તમે તો જ્ઞાની છો, ભાગવતના ભણેલા છો....?

ભાઈ, પગતળે રેલો આવે ત્યારે ખબર પડે, જ્ઞાન તો મહારાજનું જ આપેલું છે પણ ભટ્ટાણીને વહેલાં તેડી લીધાંને મને વિધુર કર્યો. મહારાજ કેટલા નિર્દય છે ! મને એકલો-અટૂલો કરી દીધો ! અરે રે, મહારાજ ! તમે કેટલા નિષ્ઠુર છો !

અમદાવાદના એ વખતે આગળ પડતા હરિભક્તોએ ખૂબ સાંત્વન આપ્યું પણ ભટ્ટજીની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસ્યે જ જાય છે. એક એવો બીજો ને બીજો એવો ત્રીજો.... એમ પંદર-પંદર દિવસ અમદાવાદને માથે ઉગીને આથમી ગયા ! ભટ્ટાણીનું બારમું-તેરમું પણ ઉકળી ગયું. છતાં પણ ભટ્ટજીને ગળેથી પાણીનું ટીપું પણ ઉતરતું નથી અને હવે તો આંખો પણ આંસું વગરની સુણાઈ ગઈ છે, લાલઘૂમ થઈ ગઈ છે.

દામોદરભાઈ અને લાલદાસ ગોરાએ નક્કી કર્યું કે ભટ્ટજીને હવે વહેલી તકે મહારાજ પાસે લઈ જવા જોઈએ. નહીંતર આમને આમ ચિત્ત ભરમ થઈ જશે. મહારાજનું વિચરણ પૂછતાં માલૂ પડ્યું કે અલબેલો આવતી કાલે જ જેતલપુરને આંગણે પધારી રહ્યા છે. સૌએ ભટ્ટજીને સમજાવી-પટાવીને વેલમાં બેસારી જેતલપુર પહોંચાડ્યા.

શિયાળાની ઋતુ છે. સાંજનો સમય છે. ઠંડીનો ચમકારો છે. પ્રભુએ ઘાટાં વસ્ત્રો પહેર્યાં છે. હરિભક્તો ગામો ગામથી દર્શને ઊમટી રહ્યાં છે. દંઢાવ્ય દેશના ભક્તોને સુખ આપવા પ્રભુ પધાર્યા હોઈ બાઈ-ભાઈ મોટી સંખ્યામાં આવ્યાં છે.

જેતલપુરના મહોલ પર સભા ભરીને વહાલો વિરાજ્યા છે. કીર્તનીયા સંતોએ ગાવણું કર્યું :

રે શ્યામ! તમે સાચું નાણું,
રે મૂરખ લોક મરે ભટકી, જુઠાં સંગે હારે શિર પટકી
તેથી મારી મનવૃતિ અટકી....

સભા આખી મરમાળાની મૂર્તિના ડોલન સાથે ડોલી રહી છે. એવામાં નથુ ભટ્ટને બે બાજુથી ઝાલીને લોઠકા ભક્તોએ સભામાં પ્રવેશ કર્યો. અલબેલાએ આંખને ઈશારે નજીક લીધા. ઢોલિયા સન્મુખ બેસારી દીધા. અંતર્યામીથી શું અજાણ્યું હોય !

વળી, બ્રહ્માનંદ સ્વામીએ મીઠી હલકથી કીર્તન ઉપાડ્યું :

હરિ ભજતા સુખ હોય,
સમજ મન ! હરિભજતા સુખ હોય.
માત પિતા જુવતી સુત-બાંધવ, સંગ ચલત નહિ કોય...

સંતોના ભક્તિ અને વૈરાગ્યનાં પદો સાંભળવામાં એક કલાકનો સમય ક્યાં વીતી ગયો ! કોઈને ભાન ન રહ્યું.

એ દિવ્ય સભા : મહારાજની માધુરી મૂર્તિ : સૌમ્ય સંતોના મધુર કંઠે ગવાતા પદો : સૌને ભાવ સમાધિ લાગી ગઈ હતી.

સૌને કીર્તનોનાં શબ્દે શબ્દે આનંદના ઉભરા અનુભવાતા હતા, પણ નથુ ભટ્ટના કાળજા પર એ જ શબ્દો જાણે ચાબુક બની ગયા હતા. એના એક એક ફટકારે ભટ્ટજી વલોવાતા રહ્યા. નતો આંખો ખોલી શક્યા, ન મૂર્તિને માણી શક્યા.

કીર્તન વિરમ્યાં. હરિવરે નેણ ખોલ્યાં ને એ મધુર દૃષ્ટિપાતમાં સૌને ભરી લીધા.

હેં સુરાખાચર ! માણસને વહાલામાં વહાલું શું હશે ?

"વહાલો તો પ્રભુ પોતાનો જીવ ગણાય. અમારે આ સંસારમાંથી ધણી મરે તેની જાણ ધણિયાણીને થાય કે તરત રસોડામાં જઈ પ્રથમ પોતાનું પેટ ભરી લે, પછી કોણ જાણે રડવા-કૂટવામાં ક્યારે રોટલા ભેગું થવાય ?"

સાંભળી મહારાજ હસ્યા ને કહ્યું : પણ આ ભટ્ટજીને પૂછો, એમને તો જીવ કરતાં પણ વહાલી પત્નીને ગણી છે. આજ ૧૫ દિવસ થયા ભટ્ટજીને ગળે કંઈ ઊતરતું નથી ! એમ કહી મર્માળાએ આંખ મીંચકારી.

સુરાખાચરે પણ તત્કાળ મર્મ જાણીને વળતી સોગઠી મારીઃ અરે મહારાજ ! તમે પણ એવા નમેરા છો કે ભક્તનું

પણ જાળવ્યું નહિ ! ભટ્ટાણીને કાચી વયે તાણી લીધા તે ભટ્ટજીને વસમું લાગે જ ને ! આ તો રીંગણી માથે હીમ પડ્યું !

સુરાખાચરને પોતાના પક્ષે બોલતા જોઈ ભટ્ટજીને જીવમાં જીવ આવ્યો. મહારાજે કહ્યું : ''ભટ્ટજી ! આ દુનિયા છોડીને એકવાર તો સૌએ જવાનું જ છે એમાં શોક શાનો ?''

એમ કહી સુરાખાચરને પૂછ્યું : બાપુ ! માણસ જીવે છે તે આશ્ચર્ય ? કે મરે છે તે આશ્ચર્ય ?

મને તો બેઉ આશ્ચર્ય જ લાગે છે, છતાં મર્યા પાછળ રડે ને કૂટે તે મોટું આશ્ચર્ય લાગે છે ! અમારા જેવા જાડી બુદ્ધિના જીવનું તો જાણે સમજ્યા પણ ભટ્ટજી જેવા શાસ્ત્રોના જાણકાર કથાકાર આવું કરે ત્યારે તો આશ્ચર્યની હદ કહેવાય.''



હવે વહેલાએ ધીરે ધીરે સાંખ્ય વિચારનો દોર હાથમાં લીધો ને વાત માંડીઃ હમણાં સંતોએ કીર્તન ગાયાં તેમાં આવ્યું ને, સંગ ચલત નહિ કોય..... આ લોકની કોઈ વસ્તુ સાથે આવી શકતી નથી. બધું અહીં જ પડી રહે છે. દઢ આશરાવાળા ભક્તને અમારી મૂર્તિ વિના ક્યાંય ચિત્ત લાગે નહિ. એ તો કાળને પણ ગરદન મારે, ખરેખર મૃત્યુ દેહનું છે જીવનું નથી. આત્મા તો અજર-અમર છે એને કોઈ સાથે નાતો નથી. સંસારમાં સૌએ મિથ્યા નાતો જોડ્યો છે એ એકવાર તો તૂટશે જ. એટલે, અવિચળ નાતો અમારી સાથે અમારા એકાંતિક સાધુ સાથે કરી દેવો.

એ સભામાં ગામડી ગામથી સંઘ આવેલો. તેમાં બાઈઓ પણ હતાં. આ સંઘમાં કડવા પટેલ માધવજીનાં પત્ની રૂડીબાઈ પણ આવેલા. હજુ તો તાજાં જ પરણીને આવ્યાં છે નવ વરઘોડિયાં છે. પાનેતરની ગાંઠ છોડવાની બાકી છે. મીંઢળ પણ કાંડે એમજ રહી ગયાં છે.

રૂડીબાઈએ મહારાજને છેટેથી હાથ જોડ્યાં. ખોળો પાથરી પંચાંગ પ્રણામ કર્યા. અને વિનંતી કરતાં કહ્યું : હે પ્રભુ ! મને તમારે શરણે લો, સત્સંગી કરો. ગંગામાને કહો મને વર્તમાન ધરાવે.

સાંખ્યયોગી બાઈ ભક્તોના સમાગમથી રૂડી બાઈને મહારાજનું સ્વરૂપ ઓળખાયું હતું. પરાત્પર પૂર્ણ પુરુષોત્તમનારાયણે સ્વયં માનવ દેહ ધારણ કર્યા છે. એ સમજણ રૂડીબાઈમાં ઉગી ગઈ હતી.

અલબેલાએ આંખો પલકારી ઉત્તર વાળ્યો. અમારાં વર્તમાન અઘરાં છે. પરણ્યો એ પતિ અને બીજા ભાઈ-બાપ આ નિશ્ચય દૃઢ કરીને જીવન જીવવું હોય તો વર્તમાન મળે.

આપ જેમ કહો તેમ પ્રભુ ! હું પરણી તે પતિને બીજા ભાઈ-બાપ એમાં ફેર નહિ પડે.

મહારાજ કહે : બાઈ ! આજકાલ એવું કહેનારા ઘણા મળે છે પણ પરણ્યા પતિને જ ભાઈ-બાપ કરે એવા કેટલાં ! અમારા વર્તમાન તો એવા વ્રતધારીને શોભે. ભલે મહારાજ ! હું જેની સાથે પરણી છું તે આજથી મારો ભાઈ-બાપ બસ, પ્રભુ !

સાંભળીને સભામાં સન્નાટો છવાઈ ગયો. માધવજી પટેલ થોડી ગમ ખાઈ ગયા. પણ એવામાં જ હરિવરે એમના પર એવી એક કરુણાની મીટડી માંડી ને ઓઠ મલકાવ્યા કે માધવજીને અંતરમાં એવી એક પ્રતીતિ થઈ આવી. શ્રીજી મહારાજ તો ભગવાન છે, એ કહે એમાં કંઈક તો મર્મ હશે જ.

પટેલ મનોમન સમજી રહ્યા ને હરિવરનાં હેતમાં નાહતા રહ્યા.

રૂડીબાઈની દઢતા જોઈ પ્રભુ તેમનાં પર વારી ગયા પણ હજુ તેમને કસવાનાં હતાં. હરિવર બોલ્યા : ''પરણ્યા ધણીને ભાઈ-બાપ કહેનારાય ઘણાં મળે પણ એનો ત્યાગ કરી ધોળાં પહેરી ભગવાન ભજવા ચાલી નીકળે એવાં કેટલાં !''

પ્રભુ તૈયાર છું. આપ મળયા છો, હવે મારે કંઈ પામવાનું રહ્યું નથી !

મહારાજ કહે : ''એમતો હાલ માથું મુંડાવી નાખો અને આ સાંખ્યયોગી બાઈઓ ભેગાં બેસી જાઓ.''

રૂડીબાઈને આજ હરખનાં તેડાં હતાં ! નવોઢાનાં અરમાન એણે પળમાં આકડાના તૂરની પેઠે ઉડાડી મૂક્યાં !

''ભલે મહારાજ ! કહી બાઈએ હાથ જોડ્યા. આ જોઈ હરિવરનું હૈયું ઉભરાઈ ગયું. નેત્રના ખૂણા ભીંજાઈ ગયા !''

''ધણીને તો પૂછી લે બાઈ !'' એટલું તો મહારાજ માંડ બોલી શક્યા. રૂડી બાઈએ કહ્યું : ''અનંત ધણીઓના ધણી આપ છો પ્રભુ ! જૂઠા સંગે હારે શિર પટકી, ''સંગ ચલત નહિ કોય'' હમણાં આપના સંતોએ ગાયું તે શું જૂઠું ?'' હોંશીલા હરિવરે હેતમાં કહ્યું : ''હે સુરાખાચર ! કોણ ચડે ? આ બાઈને અમારાં પ્રથમજ દર્શન થયાં છે. હજુ પાનેતરની ગાંઠ છોડવાની બાકી છે અને બધું ત્યાગવા તત્પર થયાં છે. અને આ નથુ ભટ્ટ ! આજ સુધી અમારા થાળની કેટકેટલી પ્રસાદી જમી ગયા, બીજાને કથાવાર્તા કરી અમારામાં જોડ્યા પણ એમનું જોડાણી બીજે થઈ ગયું છે ! કહો બાપુ કોણ ચઢે ! આ જુના સત્સંગી ચઢે કે અમારા નવા સત્સંગી ચઢે ?''

સુરાખાચરે ઠાવકાઈથી ભટ્ટજી સામે જોયું.

નથુભટ્ટના હૈયાનાં તોતીંગ દરવાજા ઊઘડી ગયા. શરીરમાં કંઈક ચેતન આવ્યું. ભટ્ટજીએ ખૂબ નમ્ર ભાવે કહ્યું : "પ્રભુ ! આપે આજ મારી ભૂલ ઓળખાવી. હે નાથ ! આપ મુખોમુખ મળ્યા છતાં અમારી જીવદશા કેમ લેશમાત્ર બદલાતી નથી !"

મહારાજ કહે : ભટ્ટજી સંસાર આખો ચકરાવે ચઢ્યો છે. અમારી મરજીથી સુખ-દુઃખ, હાનિ-વૃદ્ધિ સૌને પ્રાપ્ત થાય છે. જનમ્યું એ મરી જવાનું નક્કી વાત છે, ઝાંઝવાનાં જળમાં ભીનાશ હોય નહિ, એમ સંસાર અસાર છે. એમાં કોઈ વસ્તુ સત્ય નથી, સાચી મનાય છે તે ભ્રમણા છે. જીવ માત્રને આ ભ્રમણા વળગી છે. અજ્ઞાની જીવ સાચું માનીને મોહાય છે. જ્ઞાનીને મતે બધું મિથ્યા છે .આત્માને કોઈ સગું-વહાલું નથી. આ સાંખ્ય વિચારની દઢતા હશે તો જ અમારા સ્વરૂપમાં જીવ જોડાશે.

ભટ્ટજીએ કહ્યું : "મહારાજ આ વાત આપે ઘણીવાર કરી છે પણ અંતરમાં આજ ઠરી."

મહારાજે કહ્યું : "હવે ઠરી છે તો મનન-ચિંતન કરતા રહેજો."

બ્રહ્મચારી લીંબુનું સરબત લાવ્યા ને હરિવરે નિજ હાથે ભટ્ટજીને પારણાં કરાવ્યાં. રૂડીબાઈને માધવજી બંને નવદંપતી મહારાજ પાસે આવ્યાં. આજ્ઞા યાચી, હવે અમને કાયમ માટે આપનાં ચરણોમાં રાખો. આપનો સંબંધ જ શાશ્વત છે પ્રભુ ! ત્યારે મહારાજે તેમને કહ્યું : "તમે સંસારમાં રહો, સ્રીતો સંસારમાં જ શોભે. ભજન-ભક્તિ કરજો, અમારી મૂર્તિને હૃદયમાં ધારજો. કોઈ બીજી વસ્તુ અંતરમાં ન પેસી જાય તેનું જાણપણું રાખજો....... કારણ કે સંગ ચલત નહિ કોય........"

# વૈદિક કાળનો ઈતિહાસ

- ચેતન ભગત ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

વૈદિક કાળ (ઈ.સ. પૂર્વે ૧૫૦૦-૬૦૦)

ઋગ્વેદિક કાળ : (૧૫૦૦-૧૦૦૦ ઈ.સ. પૂર્વે), ઉત્તરવૈદિક કાળ : (૧૦૦૦-૬૦૦ ઈ.સ. પૂર્વે)

વેદ : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ

ઉપવેદ : આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ, શિલ્પવેદ

બ્રાહ્મણ : એતરોગ, કૌષિતકી, તૈતરીય, શતપથ, પચંવિશ, ષડવિશ, ગૌપથ, જેમનિય

ઋગ્વેદ : - વિશ્વનો પ્રથમગ્રંથ - જે પદ્ય (કાવ્ય) સ્વરૂપનો ગ્રંથ છે - જુદા જુદા દેવતાની સ્તુતિ છે - ૧૦ મંડળો, ૧૦૨૮ સુકતો - જેમાં ૨ થી ૭ મંડલ જુના - પ્રથમ અને દસમું મંડલ પછીથી ઉમેરાયા - ગાયત્રી મંત્ર અને અસતોમાં સદ્ગત મયઃ ઋગ્વેદ - રચના ઈ.સ. પૂ. ૧૫૦૦ થી ૧૦૦૦ ની વચ્ચે.

ઋગ્વેદ પ્રમાણે પાંચ યજ્ઞો : પિતૃ યજ્ઞ, ભૂત યજ્ઞ, પુરુષ યજ્ઞ, દેવ યજ્ઞ, બ્રહ્મ યજ્ઞ.

ઋગ્વેદના દશમાં મંડલમાં એમ કહેવામાં આવેલ છે કે બ્રહ્માના : મુખમાંથી બ્રાહ્મણો, બાહોમાંથી ક્ષત્રિયો, જાંઘમાંથી વૈશ્યો, ચરણમાંથી શુદ્ર ઉત્પન્ન થયા છે..

ઋગ્વેદ કાળમાં શિક્ષણ નીતિના વિષયનો અનુલક્ષીને અપાતું બ્રહ્મવિદ્યા, દેવવિદ્યા, ભૂતવિદ્યા, શસ્ત્રવિદ્યા, ઈતિહાસ, તર્કશાસ્ત્ર, ઉપનિષદ, સ્વાધ્યાય, પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવતો.

બે મહાકાવ્યો છે :

(૧) રામાયણ : ઈ.સ. પૂર્વે ૫ મી સદીમાં રામાયણ રચાયેલું હતું. શરૂઆતમાં તેમાં ૬,૦૦૦ શ્લોકો હતા અને હાલ તેમાં ૨૪,૦૦૦ શ્લોકો છે.

(૨) મહાભારત : ઈ.સ. પૂર્વે ૯૫૦ માં મહાભારત રચાયેલું હતું તેમાં ૧,૦૦,૦૦૦ શ્લોકો હતા.

વૈદિક કાળ :

યજુર્વેદ : યજુનો અર્થ યજ્ઞ - બે શાખા કૃષ્ણ અને શુકલપક્ષ યજુર્વેદ - ૪૦ અધ્યાયમાં વિભાજિત - રાજસૂય યજ્ઞ, બાજ પેઈ યજ્ઞનું વર્ણન.

સામવેદ : - કુલ ૧૫૫૦ શ્લોક જેમાં ૭૫ નવા બાકીના બધા ઋગ્વેદના - સંગીતાત્મક ગ્રંથ (ત્રણ શાખા)

અથર્વવેદ : - જાદુટોના પ્રકૃતિ - અંધ વિશ્વાસનું વર્ણન - ૨૦ અધ્યાયો, ૭૩૧ સુક્ત, ૬૦૦૦ મંત્રોમાંથી - બે શાખા શૌતિક અને વિપલાદ.

ચાર આશ્રમો :

૧ થી ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ

૨૬ થી ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમ

૫૧ થી ૭૫ વર્ષ વાનપ્રસ્થાશ્રમ

૭૬ થી ૧૦૦ વર્ષ સંન્યાસાશ્રમ

વૈદિક કાળમાં આ નદીઓનો ઉલ્લેખ થયેલો છે.

| પ્રાચીન નામ | આધુનિક નામ |
|---|---|
| વિતસ્તા | ઝેલમ |
| આસિકની | ચિનાબ |
| બિપાશા | બિયાસ |
| પરિષ્ણી | રાવી |
| સતુદ્રી | સતલુજ |
| કુંભા | કાબૂલ |
| કુમુ | કુર્રમ |
| ગોમલ | ગોમતી |
| દુષ્પહતી | ઘગ્ગર |

(ભારતનો ઈતિહાસ પુસ્તકના આધારે) (ક્રમશઃ)

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## રાખના રમકડાં

– શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

વાત છે લોયા ગામની જ્યાં અદ્‌ભુત શાકોત્સવ થયેલો તે સુરાબાપુનું ગામ લોયા. તે ગામમાં પ્રભુ એક સલાટ ભક્તના ઘેર બિરાજેલા. ત્યાં ચાર-પાંચ તરગાળા આવ્યા જે અત્યારની ભાષામાં નાયક કહેવાય છે. મહારાજને પગે લાગ્યાં. તે આખો સમાજ જરા બોલકો હોય છે. એ નાયકોની મંડળીએ સ્વામિનારાયણ ભગવાનને ફરિયાદ કરી, હે મહારાજ ! આ તમારા બધા સત્સંગીઓએ અમને સૌને ભૂખ્યા મારી નાંખ્યા. તેઓ કહે છે કે અમારા ગામમાં નાટક-ચેટક, ભાંડ-ભવાઈ ના જોઈએ તમારે જો બે ટોપલાં અનાજ જોઈતું હોય તો લઈ જજો. અમે નાટક જોવા નહિ આવીએ. બધે જ આવું થાય તો અમારા રોટલા ક્યાંથી નીકળે ? કેવી ફરિયાદ આવી ? અત્યારે આવે ખરી કે તમારા સત્સંગી પીકચર, સિનેમા જોવા થિયેટરમાં આવતા નથી. ખાવા માટે હોટલમાં જતાં નથી. આ બધા નાટક-ચેટક, ભાંડ-ભવાઈ એક ડબામાં ભરીને ઘરમાં જ લાવીને બેઠા છે. એ સમયે ભગવાનનાં ભક્તો શૂરવીર હતા. નાટક-ચેટક, ભાંડ-ભવાઈ જોવા જતા નહિ, તેમજ ગામમાં તેનો કાર્યક્રમ થવા દેતા નહિં. સ્વામિનારાયણ ભગવાને નાયકોને પૂછ્યું તમે ક્યાં ક્યાં ખેલ કરી જાણો છો ? અમે કઠપૂતળીનો ખેલ કરીએ છીએ અને જાતજાતના વેશ કાઢીએ છીએ શ્રીહરિએ કહ્યું કે બહુ સારું કઠપૂતળીઓનો ખેલ બતાવો.

કઠપૂતળીઓના ખેલમાં જે ખેલનો નિષ્ણાંત હોય, તે ખેલ કરવા બેસે. બધી વ્યવસ્થા ગોઠવી દીધી. એક નાનો તંબુ બનાવ્યો. પુતળીઓને બરબાર ગોઠવી દીધી. પુતળીઓ ચલાવવાવાળો પણ તેની જગ્યાએ ગોઠવાઈ ગયો. બધાને ખેલ બતાવવાના શરૂ કર્યા ત્યાં તો આશ્ચર્ય ! બધું બરાબર હોવા છતાં એક પણ પૂતળી હાલે જ નહિ. એના નિષ્ણાંતોને નવાઈ લાગી કે આમ કેમ થયું ! એણે ફરીથી બધું સરખું કરીને "શો" શરૂ કર્યો તો ફરીથી પણ એવું જ થયું. પૂતળીઓ તંબુની અંદર હાલે ચાલે પણ બહાર સ્ટેજ ઉપર દેખાડવા પ્રયત્ન કરે તો હાલે ચાલે નહિ. તેને શું થયું ? કંઈક ગરબડ છે. બે ત્રણ વાર પ્રયાસ કર્યો પણ સફળતા ન મળી. નાયકનો આગેવાન સમજી ગયો, આવીને પ્રભુને કહે, 'હે મહારાજ ! કંઈક ગરબડ છે. અમે તો સૌરાષ્ટ્રના ગામોગામ ફર્યા છીએ. બધે જ ખેલ કરીએ છીએ પણ કોઈ દિવસ આવું બન્યું નથી. આજે આવું કેમ થાય છે તે સમજાતું નથી. અમને ક્ષમા કરો. ત્યારે શ્રીજી મહારાજ કહે, હવે તમે ખેલ કરો. પછી ફરીવાર કઠપૂતળા બહાર લાવી શરૂ કર્યો કે બધા પૂતળાં નૃત્યું કરવા લાગ્યાં. થોડીવાર ખેલ બતાવ્યા પછી મહારાજ કહે હવે બસ પ્રભુની આજ્ઞા થતાં નાયકોની ટીમે બધું સંકેલી લીધું. અને જે સલાટના ઘરે પ્રભુ બિરાજેલા તેના ઘરે રસોઈ કરી હતી તે બધાને જમાડ્યા અને પ્રભુના ચરણોમાં ભક્તોએ જે ભેટ અર્પણ કરી હતી તે બધી જ નાયકોને આપી દીધી. પ્રભુ કહે આટલું તમે બરાબર યાદ રાખજો કે સૌના નાડી-પ્રાણ ભગવાનના હાથમાં છે તો સદાય સુખી થશો.'

મિત્રો ! આવું ઐશ્વર્ય બતાવીને પ્રભુ એમ કહેવા માગે છે કે જીવ પ્રાણી માત્રના નાડી-પ્રાણ પ્રભુના હાથમાં છે. કોઈ માણસના હાથમાં નથી. "રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે" બધા જીવ રાખના રમકડાં સમાન છે. એક રમકડું ચોરી કરે તો એક રમકડું તેને ચોર ગણી પકડીને લઈ જાય. ત્યાં એક વળી તેનો ન્યાય કરે. વળી એક રમકડું રિસાય, બીજું તેને મનાવે. થોડું સમજે ને પછી નાચે એક કંઈક કામ કરે તો બીજું આવી તેનું કામ બગાડી નાંખે. એક વાજું વગાડે, બીજું વળી તેની જોડે તાલ મિલાવે, ત્રીજું બંનેને રોકે એટલે પાછા ત્રણે લડે. એક મોટું રમકડું નાનાને લઈ ઉંચકીને ફરે, નાનું રમકડું પાછું મોટા રમકડાંને ધક્કો મારી પાડી નાંખે. રમતાં રમતાં જે નકામું થઈ જાય તેને બીજા ચાર ઉપાડીને બહાર મૂકી આવે. અજબ-ગજબનાં રમકડાંને તેમનો ખેલ હોય છે. ઈશ્વરના હાથમાં માનવ માત્ર રમકડાં સમાન છે.

તમામ જીવ પ્રાણી માનવમાત્ર એ કઠપુતળાં છે. જેની દોરી ભગવાનના હાથમાં છે. કોઈ સ્વતંત્ર નથી. પ્રભુ નચાવે તેમ નાચે. આ તો જેમ કોઈ નાટક ભજવતા હોય, તેમાં કોઈ રામ, સીતા, હનુમાન, તાડકા કે રાવણ બને પણ એ સ્ટેજ પૂરતા જ. સ્ટેજ પર બૂમો પાડે. ખબરદાર, સાવધાન વગેરે

વગેરે અને પછી જ્યારે ખેલ પૂરો થાય કે તરત જ તેણે સ્ટેજ પરથી વિદાય લેવી પડે. તેમ આખો સંસાર સ્ટેજ છે. તમારે ભાગે જે રોલ આવ્યો હોય તે ભજવો. જ્યારે આયુષ્ય પુરું થાય ત્યારે માનવું કે સ્ટેજ પરથી ઉતરી ગયા. આપો આપ તમારી કામગીરી બંધ થઈ જશે. સંસારમાં મામા, કાકા, દાદા-દાદી, પુત્ર-પિતાના રોલ ભજવવાના હોય છે. બધાની જીવનદોરી ભગવાનના હાથમાં છે.

●

## પ્રભુનો પ્રતિભાવ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

બ્રાહ્મમુહૂર્તનો સમય છે. તેવા સમયમાં ગામની ભાગોળે દશ બાર ઘોડે સવારો આવીને ઉભા રહ્યાં. આ ઘોડે સવારો સામાન્ય નહોતા. અને એ ઘોડાં પણ સામાન્ય નહોતા. જાતવાન ઘોડા જેવા કે કેસર, બેરી, બોદલી, ફુલમાળ, તાજણ, વાંગળી વગેરે. અને અસવારોમાં મોટા મોટા ગામના માલિકો હતા. તેવા દશબાર ઘોડે સવારો ગામની ભાગોળે આવીને ઉભા રહ્યા. તેમાં એક ઘોડી પણ હતી. તેનું નામજાણો છો ? "માણકી" ભારે ચબરાક, ઈશારે સમજી જાય તેવી.

માણકી ઘોડીનું નામ સાભળી, તમે જાણી ગયા હશો. તેના અસવાર કોણ હોય. "માણકીએ ચડ્યા રે મોહન વનમાળી." શ્રીજી મહારાજ અને બીજા અસવારોમાં કાઠી પાર્ષદો હતા. શ્રીજી મહારાજે કહ્યું, સવારનો પહોર છે. બ્રાહ્મ મુહૂર્તમાં આપણે ઘોડે અસવાર થઈ ગામમાં પ્રવેશ નથી કરવો. શ્રીજી મહારાજ બે પાર્ષદોને સાથે લઈ ગામમાં ગયા. મહારાજ આ ગામમાં આપણે શા માટે જઈએ છીએ ? ત્યારે મહારાજે કહ્યું, આ ગામમાં પણ અમારા એક ભક્ત રહે છે. તેમને દર્શન દેવા. પણ હજું તો જાગ્યા એ નહિ હોય. નહિ જાગ્યા હોય તો આપણે જગાડશું.

શ્રીજી મહારાજ તથા બન્ને પાર્ષદો આ ભગતના ઘરે પહોંચ્યા. શ્રીજી મહારાજે એક પાર્ષદને કહ્યું, સાંકળ ખખડાવો. જ્યાં પાર્ષદ સાંકળ હાથમાં ઝાલે તે પહેલા જ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, હે દિન બંધુ, હે મહારાજ, હે કૃપાસિંધુ, હે મહારાજ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ. આવો હૃદય સ્પર્શીય મધુર અવાજ ઘરમાંથી સંભળાયો. ત્યારે શ્રીજી મહારાજે સ્વયં સાકળ ખખડાવીને કહ્યું, ખોલો ભગત ! ભગત એક વાર તો ચમક્યા. મારા ઈષ્ટદેવનો અવાજ મને સંભળાયો કે ભ્રમણા થઈ ! ત્યાં તો શ્રીજી મહારાજે ફરી હોંકારો દીધો. ભગત ખોલો. ભગતના આનંદનો પાર ન રહ્યો. દોડીને દરવાજો ખોલ્યો. જોયું તો શ્રીજી મહારાજ કાઠી પાર્ષદો સાથે ! હે મહારાજ ! મારા અહોભાગ્ય હું કેટલો ભાગ્યશાળી છું. મને બ્રાહ્મ મુહૂર્તમાં તમારા દર્શન થયા. મહારાજ અત્યારે વહેલી સવારે તમે ક્યાંથી ? ભગત તમે અમને બોલાવ્યા તેથી અમે આવ્યા.

હે ભગવન્ ! હે દયાસિંધુ ! મારી તો ટેવ છે. કૃપાળું ! સવારમાં આંખ ઉઘડે એટલે પહેલાં જ તમને યાદ કરું તમારું નામરટું છું.

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, હે ભગત અમારી પણ એવી ટેવ છે. જે બ્રાહ્મ મુહૂર્તમાં અમને યાદ કરે તેના દરવાજે દર્શન દેવા હાજર થઈએ છીએ. કેવી અદ્‌ભુત વાત ! કેવો પ્રેરણા દાયી પ્રસંગ ! માટે સજ્જનો જીવનમાં આટલું યાદ રાખજો કે -

"શાકમાં મીઠું ભૂલાવું ન જોઈએ
શૂન્યની આગળ એકડો ભૂલાવો ન જોઈએ.
જાનમાં વરરાજા ભૂલાવા ન જોઈએ.
અને જીંદગીમાં ભગવાન ભૂલાવા ન જોઈએ."

ગમે તેટલા ઊંચા ટેકરા પર ભગવાનનું મંદિર હોય, ભલેને ૫૦૦ પગથીયા હોય પણ જે એક એક પગથિયું ચડતો રહેશે તે ગમે ત્યારે મંદિર સુધી પહોંચી ભગવાનનાં દર્શન કરી શકવાનો. એમ જીંદગીમાં નિયમ-નિશ્ચયમાં જો આગળ વધતા રહેશો તો ભગવાન દયાળું છે. સામે ચાલીને આવશે. પ્રાતઃકાળમાં ઈષ્ટદેવનાં સ્મરણનો બહુ મહિમા છે. એટલે જ તો પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે......

પ્રાત સમે ઉઠી પુરૂષોત્તમની મૂરતિમાં મન ધરિયે રે
એ અવસરે જે આડ કરે તેને, પાપ જાણી પર હરિયે રે..

"ભજનમાં ભાવ સાચો હોય તો પ્રભુનો પ્રતિભાવ મલી જ રહે છે."

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"મોક્ષ માટેની પ્રગતિ સુક્ષ્મ શરીરથી"**

(સંકલન - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

મોક્ષ માટેનો આપણો સાચો પુરૂષાર્થ સુક્ષ્મ શરીરમાં થાય છે. અર્થાત્ નવું જે કર્મ હવે પછી કર્મફળ આપવા સન્મુખ થાય છે તેવું પ્રારબ્ધ કર્મ ચાર્જ થાય છે. જેને વર્તમાનમાં આપણે ક્રિયામાણ કર્મ તરીકે ઓળખીએ છીએ તે સુક્ષ્મશરીરથી થાય છે. અને તેમાં આપણે ફેરફાર કરી શકીએ છીએ. અને તેના માટે આપણે પ્રયત્ન કરવાનો છે. તો તેને આપણે ઉદાહરણ આપીને સમજીએ તો એક જગ્યાએ એક ગણિકા રહેતી હતી તે નાચવાનું કામ કરતી હતી. અને તેની સામે એક મહાત્મા ઝુંપડી બાંધીને રહેતા હતા. તો તે મહાત્મા તે ગણિકાને સમજાવે છે કે તમે બરાબર નથી કરતા, આવું ન કરાય, આવા કર્મથી બહુ પાપ લાગે છે. પરંતુ ગણિકા એટલા માટે નાચવાનું કામકરતી હતી કે તેની પાસે અજીવિકાનું કોઈ સાધન ન હતું અને જ્યારે જ્યારે તે નાચતી ત્યારે તે ભગવાન પાસે જઈને માફી માગતી કે મારી પાસે આજીવિકાનું સાધન નથી માટે હું આવું કરી રહી છું. તો આપ મને માફ કરજો. ફરી એક વખત મહાત્મા તેને સમજાવે છે કે આ ખોટું થઈ રહ્યું છે. તેમ છતાં પેલી નાચવાનું ચાલું રાખે છે. પછી મહાત્મા તેની નોંધ રાખવા લાગે છે કે તેની પાસે જેટલા પુરુષો જાય તેટલા પથ્થર એક બાજુ મુકે છે. તેમ કરતા પથ્થરનો મોટો ઢગલો થઈ જાય છે. અને પછી તે ગણિકાને બતાવે છે કે આ તારા પાપનો કેટલો મોટો ઢગલો થયો છે. તે જોઈને ગણિકાને ખૂબ જ પસ્તાવો થાય છે. અને ભગવાન પાસે એની માફી માગી લે છે. પછી મહાત્માનું મૃત્યુ થાય છે. અને આ બાજુ ગણિકાનું પણ મૃત્યુ થાય છે. તો ગણિકાને સ્વર્ગ મળે છે. અને મહાત્માને નર્કમાં વાસ મળે છે. અને પછી મહાત્માને તે વાતનો ખ્યાલ આવે છે. એટલે મહાત્મા કહે છે કે આમ કેમ ? અને પૃથ્વી ઉપર પણ મહાત્માના મૃત દેહને ખૂબ જ શણગારે છે. બધા લોકો પૂજા કરે છે. અને વ્યવસ્થિત અગ્નિ સંસ્કાર કરે છે. અને પેલા ગણિકાના દેહને કોઈ જ અડતું પણ નથી અને કૂતરા વગેરે ખાય છે. તો મહાત્મા કહે છે કે પૃથ્વીના લોકો પણ મારા દેહની પૂજા કરે છે. અને ગણિકાના દેહને કૂતરા ખાય છે. ત્યારે ધર્મરાજા તેમને સમજાવે છે કે બાહ્ય શરીરથી તમે કાંઈ ખરાબ કર્મ કર્યું નથી માટે તમારો દેહ છે તેને બધા પૂજે છે. અને સુક્ષ્મશરીરથી તમે દરરોજ ગણિકાનું ચિંતવન કરતા હતા માટે તમારા સૂક્ષ્મશરીરથી તમારે નર્કમાં આવવું પડ્યું છે. અને ગણિકાએ બાહ્ય શરીરનો ઉપયોગ ખરાબ કામ કરવા માટે કર્યો માટે તેના બાહ્ય શરીરને કૂતરા વગેરે ખાય છે. અંદરથી તો એ દરરોજ માફી માગતી હતી માટે તેને સ્વર્ગમાં વાસ મલ્યો છે. માત્ર ઘરનો ત્યાગ કરવાથી મોક્ષ નથી મળી જતો. તમે ગમે ત્યાં એકાંતમાં બેસીને ભગવાનનું નામ લેતા હશો તો પણ તમારી અંદરની વાસના છે તે તેમ કરવા દેશે નહિ. માટે શ્રીજી મહારાજે આપેલી શિક્ષાપત્રી અને વચનામૃતોની આજ્ઞાનું પાલન કરીને સુક્ષ્મશરીરની અંદર રહેલી વાસનાઓ ટાળવાની જરૂર છે. અને ભગવાન છે તે આપણા મા-બાપ છે. એક મા જેમ બાળકને સાચવે છે તેના કરતા પણ ભગવાન આપણને વધારે સારી રીતે સાચવે છે. તમે જેમ તમારા બાળકો સામે શરત મુકો છો કે આટલા ટકા આવશે તો આમ કરી આપીશ. તેમ ભગવાને પણ આપણી સામે શરત મુકેલી છે કે તમે શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવશો તો તમને સર્વ પ્રકારે મદદ કરીશ અને તે શરત પણ મહારાજે એટલા માટે મુકી છે કે તેમાં આપણુ હિત સમાયેલું છે. માટે શ્રીજી મહારાજે આપેલા સત્શાસ્ત્રો આપણા જીવનમાં ઉતારી તેનું ચિંતન અને મનન કરી મોક્ષપ્રાપ્તિ માટે સતત પ્રયત્ન કરવાનો છે.

●

**"શાંતિનું મૂલ હરિ સ્મરણ"**

– સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

હરિ સ્મરણનો અદ્ભુત પ્રતાપ છે. પ્રભુના નામમાં ગજબ શક્તિ રહેલી છે. પ્રભુની ફરજ છે આપણું કલ્યાણ કરવું અને જીવ પ્રાણીમાત્રનું પોષણ કરવું. જ્યારે જીવાત્માની ફરજ છે કે પ્રભુને શરણે જવું. પ્રભુની આજ્ઞામાં રહેવું ને નામસ્મરણ કરવું. શરૂઆતમાં હરિસ્મરણ કરવું કડવું લાગે, અઘરૂં લાગે. જેમ હરડેની ફાકી લઈએ તો મોઢું બગડી જાય, તુરી લાગે પણ ખાધેલી હરડે આંતરડામાં જઈને અમૃત જેવું કામ કરે છે. હરડેમાં ગુણ છે. આયુષ્ય વધારેને રોગનો નાશ કરે. રોગ માત્ર મટી જાય. તેમ હરિ સ્મરણ કરવું અત્યારે કદાચ કઠણ લાગશે, મનની વૃત્તિ કદાચ સ્થિર નહિ થાય, પરંતુ જન્મમરણનો

રોગ ટળી જશે. માટે શ્રધ્ધાપૂર્વક હરિસ્મરણ કરવું એજ શાંતિનું મૂલ છે. હરિ સ્મરણ કરવાથી મન પવિત્ર બને છે ને વિચારો સારા આવે છે.

સુધન્વા પરમભક્ત હતા. હંસ ધ્વજ રાજાના પુત્ર હતા. સવાર સાંજ હરિ સ્મરણ કરતા. આપણે જો ભગવાનને ૪ કલાક યાદ કરીએ તો ભગવાન ચોવીસ કલાક યાદ કરે છે. અને રક્ષા પણ કરે છે. ભક્ત સુધન્વા પ્રભુનું અખંડ સ્મરણ કરે છે. હંસધ્વજ રાજાના રાજ્યમાં બે દિવાન હતા. તે કપટી, કુસંગી અને નિર્દયી હતા. બંને સંપીને રાજ્યમાંથી દરરોજ ચોરી કરતા. દિવાનને વિચાર થયો કે આ વાતની રાજકુંવર સુધન્વાને ખબર પડશે તો અમને દેશ નિકાલ કરશે. રાજ કુંવરનું મૃત્યુ થઈ જાય તેવી યુક્તિ કરીએ જેથી આડો આવે નહિ. સમય જતાં રાજ્યમાં તમામ માણસોની સલાહ સૂચનો લેવાનો પ્રસંગ આવ્યો. દિવાનજીએ રાજાને કહ્યું : "દેશ દેશાંતરથી માણસો બોલાવો. મોટી સભા કરો. જાહેરાત કરી દો કે સવારના સૂર્યોદય પહેલા સભામાં હાજર થાય. ને જે સૂર્યોદય પહેલા સભામાં હાજર ન થાય તો તેને ઉકળતા તેલના કડાયામાં નાંખવો. નીચે અગ્નિ પ્રગટેલો હોય." દિવાનજી મનમાં રાજી થાય છે કે હવે સુધન્વાની ખબર પડશે. મોડો આવશે તો મોત થશે. જેથી આપણને નડશે નહિ.

રાજ્યમાં જાહેરાતનો ઢંઢેરો પીટાવ્યો જે "સવારના સૂર્યોદય પહેલા રાજદરબારની સભામાં હાજર થવાનું છે. જે સમયસર નહિ આવે તેને સજા કરવામાં આવશે. ઉકળતા તેલમાં નાખવામાં આવશે. આ વાતની નગરમાં જાણ થઈ ગઈ. રાજાએ સુધન્વાને કહ્યું, "બેટા કાલે સૂર્યોદય પહેલા સભામાં પધારવાનું છે. "ભલે પિતાજી ચોક્કસ આવીશ." સુધન્વા હરિ સ્મરણ કરતા કરતા રાત્રે સૂઈ ગયા. વહેલી સવારે નાહી-ધોઈ પૂજા કરી માળા ફેરવે છે. પ્રભુના અંગો અંગનું ચિંતવન કરતા હરિસ્મરણ કરે છે. સમયની કાંઈ ખબર રહી નહિ. દેહદશા ભૂલાઈ ગઈ. બ્રહ્મ ભાવના પ્રગટ થઈ. સવાર પડી. રાજ્યમાં રહેનાર તમામ માણસો સભામાં હાજર થઈ ગયા. સુધન્વા આવ્યા નથી. રાજા હંસધ્વજ વિચારમાં પડી ગયા. મેં કહ્યું હતું છતાં પણ પુત્ર સમયસર આવ્યો નહિ. રાજા ચિંતામાં પડી ગયા. મનોમન પ્રભુને યાદ કરે છે. હે પ્રભુ ! તમે રક્ષા કરજો. મારનાર કરતા બચાવનાર આપ મોટા છો.

સુધન્વા પૂજા પાઠ કરી હરિસ્મરણ માંથી જાગ્રત થયા. ૧૦ વાગ્યાનો સમય થયો. અરરરર, આજે મોડું થઈ ગયું. પિતાજી રાહ જોતાં હશે. જલદી જલદી દોડતા આવ્યા પિતાજીને પગે લાગીને કહ્યું, "પિતાજી મને માફ કરો, મોડું થઈ ગયું છે. હરિસ્મરણ કરતા સમયની ખબર ન રહી હવે મારે શું કરવાનું છે?" રાજા બોલ્યા, "બેટા ઠરાવ પ્રમાણે સજા ભોગવવી પડશે. આ ગરમાગરમતેલમાં તારે બેસવાનું છે." તેલમાં ગરમ વરાળ નીકળે છે. નજીક પણ જઈ શકાતું નથી. પણ રામ રાખે તેને કોણ ચાખે. દિવાનજીએ સુધન્વાને પકડીને બેસાડી દીધા. સુધન્વા શ્વાસો શ્વાસ હરિસ્મરણ કરે છે. ભગવાને તેલને શીતળ ઠંડુ કરી દીધું. બીજાને ઉકળતું વરાળ નીકળતું દેખાય છે. સુધન્વાને જરાય આંચ ન આવી. આંખ બંધ કરી ધ્યાન કરે છે. આ છે હરિસ્મરણનો પ્રતાપ.

દિવાન રોષ કરીને બોલ્યા, તેલ તપ્યું નથી. અથવા સુધન્વા પાસે કાંઈક ઔષધી છે તેથી તેલ ઠરી ગયું. દિવાને ખાતરી કરી કે તેલ ગરમ છે કે કેમ? હાથમાં ત્રણ શ્રીફળ લઈને તેલમાં ઘા કર્યા. ધડાકા સાથે શ્રીફળ ફાટ્યા ને કાંચલા ઉડીને દિવાનના માથામાં ને કપાળમાં જોરથી વાગ્યા. મોઢામાં ગરમગરમ તેલ ઉડ્યું. મોઢું દાઝી ગયું, આંખો બળી ગઈ, દેખાતું બંધ થઈ ગયું. દુઃખનો કોઈ પાર નથી. ધડાક દઈને ધરતી ઉપર પડ્યા. પગ દાઝે છે ને બોલાતું નથી. કર્યા કર્મ ભોગવે છે. સમય જતાં રિબાઈ રીબાઈને મરી ગયા. ને જમપુરીમાં ધકેલાઈ ગયા. બીજાનું ભૂંડુ ઈચ્છે તો પોતાનું જ ભૂંડુ થાય છે. માટે હરિસ્મરણમાં જ શાંતિ છે. તો ચાલો આપણે પણ હરિસ્મરણમાં રંગાઈ જઈએ.

●

### ભક્તિમાતાનું અનોખું દર્શન

– ધરતી કમલેશભાઈ પટેલ (માણસા)

દિવાળી હિન્દુ સમાજનું બહું મોટું પર્વ છે. આ દિવસોમાં અબાલ, વૃદ્ધ દરેકને હૈયે આનંદ હોય છે. સ્વજનોને હૃદયથી મળી એકબીજાની ક્ષમાયાચના કરી નવું જીવન શરૂ કરવાની ખ્વાઈશ હોય છે. જીવુબા અને લાડુબા તથા અન્ય સ્ત્રી ભક્તોએ મળીને આ પર્વને અનુરૂપ અન્નકૂટ ઉત્સવને ભવ્ય રીતે ઉજવવા વિચાર્યું. દેશો દેશની બહેનોએ ભેગા થઈને વડા, પાપડ, સેવ, મેવા, મીઠાઈ, ફરસાણ વિગેરે ખાધ ચીજો બનાવીને ઢગલે ઢગલા કરી દીધાં. શ્રીહરિએ બહેનોના રસોડે પધારી અન્નકોટની તૈયારી જોઈ પોતાની ખુશી વ્યક્ત કરી. પછી વાસુદેવના આગળ અન્નકૂટ ભરી આ પુનિત પર્વની ઉજવણી કરી. પછી બહેનો ભક્તોએ શ્રીહરિને આરાધનાથી રાજી કરવા, જીવુબા લાડુબાના સાનિધ્યમાં સત્સંગ સભા ભરી અને

સ્ત્રી ભક્તોએ મન મૂકીને ધૂન, ભજન, કીર્તન દ્વારા શ્રીહરિને રાજી કર્યા આ અનેરા અવસર પ્રસંગે અંતર્યામીએ પોતાના માતા ભક્તિદેવીને વિનંતી કરી કે તમો આ સ્ત્રી ભક્તોની સત્સંગ સભામાં દિવ્ય દેહે દર્શન આપો. આવી શ્રીહરિની ઈચ્છાથી ભક્તિમાતાએ દિવ્ય દેહે સભામાં પ્રવેશ કર્યો અને દરેક બહેનને મારા "જયશ્રી સ્વામિનારાયણ" એવો મંગલ અવાજ સૌએ સાંભળ્યો. આ સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ.

બંને બહેનોએ કહ્યું કે કલ્યાણી! અમારૂ મન શ્રીહરિના સ્વરૂપ સિવાય આજ સુધી ક્યાંય ખેંચાયું નથી પરંતુ આપની દિવ્ય વાણી સાંભળીને અમારું હૈયું હાથ રહેતું નથી. વચનોથી લાગે છે કે આપ કોઈ પરમશ્રધ્ધેય, ભાગવત્ ધર્મનું અનુસરણ કરનારા પરમવૈષ્ણવ સત્સંગી લાગો છો. તો કૃપા કરીને દર્શન આપો. એમની પ્રાર્થનાથી રાજી થઈ ભક્તિમાતાની માધુરી મૂર્તિના સભામાં દર્શન થયાં. બધાંની ચિત વૃત્તિઓ સ્થિર થઈ ગઈ. મોટીબાએ પૂછ્યું આપ કોણ છો ? પરિચય આપો. ક્યા હેતુથી આપ પધાર્યા છો ?

ભક્તિમાતા બોલ્યા, હે બહેનો ? તમે મને ન ઓળખી ! હું ભક્તિમાતા તમારી સેવાં અને અનન્ય ભક્તિથી રાજી થઈ સર્વેને દર્શન અને આશીર્વાદ આપવા આવી છું અને ભક્તિમાતાએ કહ્યું કે, જો તમો ધર્મ રાખશો તો હું ભક્તિ તમારામાં નિવાસ કરીને રહીશ. કારણ કે હું પ્રતિવ્રતા છું તેથી જ્યાં ધર્મ હોય ત્યાં ભક્તિ આવેજ, વળી જો અમારા પુત્ર શ્રીહરિને તમે રાખશો તો અમે બન્ને દિવ્ય દેહે ત્યાં નિવાસ કરીને રહીશું. પછી માતાજીએ સ્ત્રીઓને ઉપદેશ આપતાં કહ્યું કે સ્ત્રીઓનું જીવન પોતાના પતિની આજ્ઞાનું સાંગોપાંગ પાલન કરવાથી શોભે છે. તમો પતિપરાયણ રહીને ભજન-ભક્તિ કરશો તો તેમાં શ્રીહરિનો રાજીપો મળશે, સ્ત્રીઓએ પોતાના પતિને અનુસરવું.

આ પ્રમાણે ધર્મપદેશ આપી સર્વની રજા લઈ ભક્તિ માતા અદૃશ્ય થઈ ગયા.

●

### લાડુની રામાયણ

– આનંદીબેન વિષ્ણુભાઈ પટેલ (ગુલાબપુરા)

એ વખતે મહારાજ મરચા અને મીંઢીયાવળ ના ગોળા જમતાં. મીંઢીયાવળને ખાંડીને તેના બે ગોળા બનાવડાવતા. સંતોની પંક્તિમાં રોટલા પીરસીને મહારાજ બે ગોળા જમી જતાં. ભુજમાં આ ક્રમ દરરોજ ચાલતો.

એક દિવસ સુંદર પ્રસંગ બન્યો, સંતોની પંક્તિમાં પ્રભુ રોટલા પીરસતા હતા. દૂર થાળીમાં મરચાને મીંઢીયાવળના બે ગોળા પડેલા. એવામાં કોઈ મહાત્માજી પધાર્યા. પ્રભુએ કહ્યું પધારો પંક્તિમાં જમવા બેસી જાઓ. વૈરાગીની નજર થાળીમાં પડેલા લાડું ઉપર પડી એટલે તેણે વિચાર કર્યો કે આ પંક્તિમાં રોટલા જમે છે તે બધા ચેલા છે. અને પીરસનાર મહંત લાગે છે. થાળીમાં પડેલા લાડુ મહંત માટે જ હશે.

મહારાજે બેસી જવાનું કહ્યું. તો મહાત્માજી કહે નહિ હું કાંઈ જેવો તેવો સાધુ નથી. હમતો મહંત કે સાથ બેઠેંગે। કેમ કે મહંતની સાથે જમવા બેસીએ તો લાડવાનો મેળ પડી જાય. તો મહારાજ કહે સારું ત્યારે મહંતની સાથે જમવા બેસજો. જો, જો મહંતના લાડુનો સ્વાદ ! સંતો જમીને ઊભા થયા. મહારાજ જમવા બિરાજ્યા. બાજુમાં મહાત્માજી બેઠા. મરચા અને મીંઢીયાવળના બે ગોળા પડ્યા. તેમાંથી ભાંગીને અડધો બાવાજીને આપવા માંડ્યા. બાવાજી વિચારે છે કે મહંત લોભી લાગે છે. આ પહેલ વહેલા પીરસે છે. એમાં કાંઈ અડધો ભાંગીને અપાય ? એટલે બાવાજી બોલ્યા છોડ દો, સારા છોડ દો. આખો લાડુ મૂકી દો. મહારાજ કહે આખો લાડુ મૂકવામાં અમને વાંધો નથી. પણ તમને તકલીફ પડશે. પણ બાવાજીએ આખો લાડુ પોતાના પતરાવલમાં મુકાવ્યો. જલ્દી જલ્દી લાડુ અંદર ઉતારી દઉં અને બીજો લાડુ પણ માંગી લઉં. એવા વિચારથી આખો ગોળો મોઢામાં મૂકીને ઝડપથી ચાવીને અંદર ઉતારી દીધો.

પછી કહેવાનું શું ! મોઢાથી લઈને હોજરી સુધી જબરી બળતરા થવા માંડી. આ તો લાલ મરચું અને મીઢીયાવળ ! ભગવાન સિવાય કોણ એને પચાવી શકે ! એની બળતરા ઉપડી. અરે ! રામ, યે ક્યા હુઆ ! બહોત જલન હોતી હૈ. મૈં મર ગયા. હે રામ ! દયા કરો. બાવાજી આકુળ વ્યાકુળ થઈ ગયા. મહારાજને દયા આવી જેથી સુંદરજી ભાઈ પાસે ઘી મંગાવ્યું. પાશેર જેટલું ઘી બાવાજીને પાઈ દીધું. એટલે અંદર શાંતિ વળી. હાશ ! અબ અચ્છા હો ગયા. મહારાજ કહે, "અબ દુસરા લડુ ચાહીયે ?" અરે પ્રભુ લડુકી બાત છોડો. અબ રોટી ખીલાઓ. પછી મહારાજે બાવાજીને રોટલો ને છાશ જમાડીને તૃપ્ત કર્યા. બાવાજીના પ્રસંગ નિમિત્તે ભુજમાં ઠીક ઠીક આનંદ થયો. સાથે સાથે મહારાજના તપસ્વી જીવનની પણ એક ઝલક મળી.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ વૈરાગ્ય કોને જાણવો શિક્ષાપત્રી, અનુસાર વ્યાખ્યા કરો ?

પ્ર. : ૨ ''હે મહારાજ ! કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે કે ન ટળે ?'' વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

પ્ર. : ૩ શ્રીજી મહારાજ ટીકરપુર ગામમાં પધાર્યા ત્યારે વસ્તા સુથારના મનમાં શું સંકલ્પ થયો ?

પ્ર. : ૪ ચાર પ્રકારની વૃત્તિ તેના નામ જણાવો.

પ્ર. : ૫ ઝીણાભાઈએ શ્રીહરિને પંચાળે આવવાનો આગ્રહ કર્યો પરન્તુ મહારાજે ના પાડી આથી તેઓ બહુ ઉદાસ થઈ ગયા પછી ઘરે જઈ વિચાર કર્યો કે મહારાજ આપણે ઘરે ન આવ્યા માટે કંઈ પણ કચાશ ભૂલ રહી જતી હશે. શ્રીહરિને રાજી કરવા પછી કેવા નિયમ ઝીણાભાઈ એ લીધા હતા.

પ્ર. : ૬ શ્રીજી મહારાજ આ અવની ઉપર પધાર્યા બાદ ૪૯ વર્ષની આયુષ્ય પૂર્ણ કરીને પોતાના સ્વધામ જવાની તૈયારી કરી અંતે મહારાજ સ્વધામ પધાર્યા તે કઈ તિથિ હતી, કઈ સાલ હતી તે જણાવશો.

પ્ર. : ૭ હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિબિન કોઈ ન તેરા.... આ કીર્તનના રચયિતા કોણ છે ?

## જૂન-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. ગોપાળાનંદ સ્વામી (૨) વઢવાણ (૩) ''ક્યુ સોનું સ્વામી ?'' ગુરુ મહારાજ તમારો સ્વભાવ તો બહુ આનંદી છે. વિનોદી છો એટલે તમે મને આવું કહો છો, પણ આ સભામાં બેઠેલા કોઈ સાચું માની લેશે. (૪) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. (૫) પોતાના ચરણારવિંદની છાપ વસ્ત્ર ઉપર પાડીને આપી. (૬) ''પ્રગટ હોત પહિચાન, જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જતકો કહે બ્રહ્મ મુનિ યહ જગત મેં, સંગ અનુપમસંતકો.'' (૭) સ.ગુ. મુક્તાનંદ સ્વામી.

૧. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘૂંટુ)
૩. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪. સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૫. ઘનશ્યામબાળ મંડળ (બાપુનગર)
૬. રામાણી સેજલ બાબુભાઈ (હિરાવાડી)
૭. સુહાગીયા જયમીન કે. (હિરાવાડી)
૮. પટેલ વિનોદભાઈ પી. (અમદાવાદ)
૯. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૦. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)
૧૧. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૧૨. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૩. મોદી અમૃતલાલ ક. (સોજા)
૧૪. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૫. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૬. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૭. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૮. ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૧૯. સાં. રંજનબેન તથા નાનીબેન (વિરાટનગર)
૨૦. ઠક્કર હસુબેન કે. (ઈસનપુર)
૨૧. સાં. મંજુબા અને સાં. ભારતીબા (હવેલી-અમદાવાદ)
૨૨. સાં. શિલ્પાબા શિતલબા (હવેલી-અમદાવાદ)
૨૩. ટાંક ચંદ્રિકાબેન એસ. (જીરાગઢ)
૨૪. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૨૫. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૬. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના દર્શન

શ્રીનગર અમદાવાદ મધ્યે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણાદિ દેવો તથા અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજને બીજા વૈશાખ સુદ-ત્રીજ અખાત્રીજના રોજથી સુંદર અલૌકિક મલિયાગર ચંદનના અદ્‌ભુત વાઘાના શણગાર કરીને દર્શન કરાવવામાં આવતા હતા. બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજીના સીધા માર્ગદર્શન અને પ્રેરણાથી સેવાભાવી હરિભક્તો તરફથી રોજેરોજના ચંદનના વાઘાના યજમાનો બની દિવ્ય અલૌકિક લાભ લેતા હતા. આવી અસહ્ય ગરમીમાં ભગવાનને પણ ઠંડક અને શીતળતા મળે તેવા શુભ હેતુથી દર વર્ષે ઠાકોરજીને ચંદનના વાઘા થાય છે. આપણા દરેક શિખર બધ્ધ મહા મંદિરો જેતલપુર, મૂળી, ધોળકા, ભુજ, નારાયણઘાટ, નારણપુરા, કાંકરિયા, એપ્રોચ, સુરેન્દ્રનગર, મહેસાણા, ગાંધીનગર, વાસણા આદિ મંદિરોમાં ચંદનના વાઘાના દર્શન કરાવવામાં આવતા હતા. (નારાયણમુનિદાસ)

## અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરભુવનમાં બિરાજમાન બાલસ્વરૂપ ઘનશ્યામમહારાજના ચમત્કારી પ્રસ્વેદ બિંદુના દર્શન

બીજા વૈશાખ સુદ-૧૦ ના મંગળા આરતીનો અલૌકિક દર્શનનો સમય ! શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના સ્વરૂપમાં એકાએક પ્રસ્વેદ બિંદુના રેલા ઉતરતા ઠાકોરજીના પૂજારી અને સંતોએ નિહાળ્યા ! વાત વાયુવેગે ફેલાઈ ગઈ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા સૌ પ્રથમ દર્શનાર્થે પધાર્યા અને પોતાના દાદાને પ્રસ્વેદ બિંદુથી વંદન અને પીતાંબર ભીનું થઈ ગયેલું તેવા દર્શન પ્રત્યક્ષ કર્યા. શહેર અને ગામોગામ વાત વહેતી થતા અને જે જે હરિભક્તો ને સમાચાર મળતા ગયા તે સૌ ગાડીઓમાં, વાહનમાં કોઈ ચાલતા એમ દર્શન કરવા આવવા લાગ્યા. સતત બે દિવસ સુધી અવિરત પ્રસ્વેદ બિંદુ નિતરતા બાલ સ્વરૂપના દર્શન એવા અદ્‌ભુત અને અલૌકિક હતા કે સત્સંગી ન હોય તેવા અનેક લોકોએ પણ દર્શન કરીને જીવનને ધન્ય બનાવ્યું. ઈલેક્ટ્રોનિક મિડીયા અને દૈનિક પત્રોના તંત્રીશ્રી અને પત્રકારોએ પોતાના દૈનિક પત્રમાં આવા અલૌકિક ચમત્કારી પરચાને ધાર્મિક પ્રજાને દર્શન કરાવવાનું ચૂક્યા ન હતા. સર્વોપરિ બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજને આવા હળાહળ કળિયુગમાં જ્યાં ત્યાં માથા મારતા લોકોને બતાવવા કે અહીં મૂર્તિમાં હું સાક્ષાત્ રહ્યો છું. કલ્યાણ અને મોક્ષ આ સ્વરૂપો અને ધર્મવંશી દ્વારા પ્રસ્થાપિત થયેલા દેવમાંજ અમે સાક્ષાત્ રહ્યા છીએ. હજારો

# સત્સંગ સમાચાર

ભાવિક ભક્તોએ આવા દિવ્ય અને અલૌકિક દર્શન કરી પોતાનું જીવન કૃતાર્થ કર્યું. (ગોરધનભાઈ સીતાપરા)

## શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારમાં ભવ્યાતિ ભવ્ય પંચમ પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામી શ્યામસુંદરદાસજી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાંચમો પાટોત્સવ સાં. કાનબા તથા સાં. મેઘનાબા તથા સાં. જયશ્રીબા (ગઢપુર) હસ્તે અ.નિ. પુરબાઈ કાનજી હિરાણી, સુત માવજી કાનજી હિરાણી (માનકુવા-મોમ્બાસા) તેમજ સુરેન્દ્રનગર બહેનોના મંદિરના અ.નિ. સાં.ધોળીબાના શિષ્ય મોરબી મંદિરના સાં. રાજકુંવરબા તથા સાં. ઉષાબા અને મહિલા મંડળના યજમાન પદે પાટોત્સવનું સુંદર આયોજન થયું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૫-૫-૧૦ થી તા. ૨૯-૫-૧૦ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) ના વક્તાપદે સતત પાંચ દિવસ ભાગીરથી ગંગા મૈયાના તટે જ્ઞાનગંગાનું અમૃત પાન કરાવ્યું હતું. કથાના પ્રારંભમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને અલૌકિક દર્શન આશીર્વાદ આપી ભક્તો પર પ્રસન્ન થયા હતા.

તા. ૨૭-૫-૧૦ ના સવારે ૭-૦૦ કલાકે પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી અને હોમાત્મક મહાપૂજાનો પ્રારંભ કરી મહાપૂજાના યજમાન પ.ભ. સાંકળચંદભાઈ સી. પટેલ (વિહારવાળા) હસ્તે જયંતીભાઈ, દશરથભાઈ અને પ્રકાશભાઈને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હાર પહેરાવી ધન્યભાગી બનાવ્યા હતા. સમગ્ર પારાયણ દરમ્યાન અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉપસ્થિત રહીને દર્શન આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું. આ પ્રસંગે સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી) અમદાવાદ મંદિરના કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી આદિ સંત-પાર્ષદો પધાર્યા હતા. સભા

સંચાલન સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શા. ચૈતન્ય સ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ સુંદર રીતે સંભાળ્યું હતું.

(સાધુ વ્રજભૂષણદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા ધામમાં (તા. ઈડર) ૫૪ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમસ્ત ધર્મવંશીની આજ્ઞાથી તથા ઈડર દેશના શિરમોર લાલોડા મંદિરના પ્રણેતા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી તથા તેમના વ્યવહાર કુશળ શિષ્ય સ્વા. વિશ્વપ્રકાશદાસજી તથા સ્વામી બાળકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન મહાપ્રતાપી શ્રી ઘનશ્યામમહારાજનો ૫૪ મો પાટોત્સવ લાલોડા ગામના ધર્મપ્રેમી પ.ભ. દેવચંદભાઈ લવજીભાઈ પટેલની ચિ. સુપુત્રી કુમારી રમીલાબેનના શુભ સંકલ્પથી શ્રીહરિ પ્રસન્નાર્થે પાટોત્સવનું સુંદર આયોજન થયું. તા. ૨૬-૫-૨૦૧૦ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રીએ ઉતારીને મહા અલૌકિક લાભ આપ્યો હતો. પ્રાસંગિક સભામાં પૂ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજીએ પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ લાલાડોના સંત મંડળ અને યજમાન પરિવાર અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. યજમાન પરિવારના પટેલ ડાહ્યાભાઈ દેવચંદભાઈ, વિઠ્ઠલભાઈ દેવચંદભાઈ અને સુરેશભાઈ દેવચંદભાઈ અને પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. સભા સંચાલન શા. વાસુદેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

(અતુલભાઈ ડાહ્યાભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન) ૮૨ મો પાટોત્સવ ઉજવાયો

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ આજ્ઞાથી તથા વાલી મંદિરના કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી તથા મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી તથા સંત મંડળની પ્રેરણાથી જેઠસુદ-૫ તા. ૧૬-૬-૨૦૧૦ ના રોજ ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો. આ પ્રસંગે વાલી દેશના આજુબાજુના ગામના હજારો હરિભક્તોએ પાટોત્સવના ઠાકોરજીના દર્શન, ધર્મકુળના અલૌકિક દર્શન અને સંતોના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

વાલી અને મારવાડના હરિભક્તોના પ્રેમને વશ થઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા આવી ધોમધગતી ગરમીમાં પણ પધારીને સૌ ભક્તોને દર્શન આશીર્વાદનું મહા સુખ આપ્યું હતું.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, જેતલપુર ધામના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, સિધ્ધપુરના મહંત શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, બીલીયાના મહંત શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજીએ કથા વાર્તારૂપી પ્રવચનનો લાભ આપ્યો હતો. છેલ્લે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત મારવાડના ભાવિક ભક્તોને અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

વાલી અને આજુબાજુના આપણા હરિમંદિરોમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારી હતી. તેમજ દરેક હરિભક્તોના ઘરે પધરામણી કરીને ઘરને પાવન કર્યા હતા.

વાલી ગામ અને આજુબાજુના ગામોના મુંબઈ વસતા ધર્મકુળ આશ્રિત શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ રાજસ્થાનના દરેકે દરેક યુવા હરિભક્તો આ પ્રસંગે આવીને પ્રેરણાત્મક સેવા બજાવીને પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. અહીંના સમસ્ત બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાએ દર્શન આશીર્વાદ આપી તેમના પર ખૂબજ રાજી થઈ અઢળક ઢળ્યા હતા. ખરેખર મારવાડનો સત્સંગ નિયમ, નિશ્ચય અને પક્ષ ને વળગેલો છે. ધર્મકુળની આજ્ઞામાં નિરંતર વર્તે છે. તેમને પ.પૂ. મહારાજશ્રી પ્રત્યે અનહદ નિષ્ઠા છે.

(કોઠારી સ્વા. હરિપ્રસાદદાસજી વાલી મંદિર)

### હર્ષદ કોલોની (બહેનોનું મંદિર) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

હર્ષદ કોલોની (બાપુનગર) ભાઈઓના મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી મહોત્સવ અને બહેનોના નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા આ બન્ને પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૯-૫-૨૦૧૦ થી તા. ૪-૬-૨૦૧૦ પર્યન્ત પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિ ભૂષણ સપ્તાહ પારાયણ તથા મહાવિષ્ણુયાગ, શોભાયાત્રા, અન્નકૂટ, યુવાનોની બાઈક રેલી, રાત્રી કીર્તન ભક્તિ વગેરે કાર્યક્રમો ધામધૂમથી સંપન્ન થયા હતા.

ઠાકોરજી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શોભાયાત્રા

અતિ ભવ્ય અને દિવ્ય હતી. જેમાં ગજરાજ અને ઉંટ આકર્ષણ રૂપ બન્યા હતા. બહેનોને સુખ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા, વેદોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે અમદાવાદ મંદિરથી મહંત પૂ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તેમજ મૂળી, નારાયણઘાટ એપ્રોચ, બોપલ અને નિકોલથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન મૂળીના શા. સત્યપ્રકાશદાસજીએ કર્યું હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદમાં સૌને શ્રી નરનારાયણદેવનો દૃઢ આશરો રાખવા ભલામણ કરી હતી. પ.પૂ. મહારાજશ્રીએ સૌને સત્સંગમાં પોતાપણું રાખવા તથા જાતિ, જ્ઞાતિ, પ્રદેશ વગેરે ભેદભાવ ભૂલી જઈ આપણે સૌ સ્વામિનારાયણ ભગવાનના છીએ એવી દૃઢતા રાખી સત્સંગમાં સંપ અને એકતા રાખવા ભલામણ કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હર્ષદ કોલોની મંદિર તરફથી આ મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં મોટી સેવા કરી હતી. તેમજ આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનું સંપ્રદાયનું સાહિત્ય ૩૦ ટકા ડિસ્ટાઉન્ટથી તેમજ આપણા શ્રી સ્વામિનારાયણ અંકના આજીવન સભ્યોને રૂા. ૧૦૦-૦૦ સભ્યદીઠ સૌજન્ય હર્ષદ કોલોની મંદિર તરફથી આપવામાં આવેલ. સમગ્ર ઉત્સવ આપણા ઉત્સાહી અને ધર્મકુળના નિષ્ઠાવાન પ.ભ. દાસભાઈ અને ટ્રસ્ટી મંડળ અને સત્સંગ સમાજની રાહબરી હેઠળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રેરણારૂપ સેવાથી ભવ્યતાથી ઉજવાયો હતો. પારાયણના મુખ્ય યજમાન પ.ભ. અરવિંદભાઈ દોંગા અને બીજા ઘણા હરિભક્તોએ સેવામાં લાભ લીધો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં અઠવાડિક ધૂન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૧ નું વર્ષ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમવર્ષ તરીકે જાહેર કર્યું છે. તેના ઉપક્રમે હર્ષદ કોલોની મંદિર, કર્મ શક્તિ આદિ અત્રેના જુદા જુદા વિસ્તારમાં અને બાપુનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી દર શનિવારે રાત્રે ૯ થી ૧૧ ધૂન કીર્તન કરવામાં આવે છે. તા. ૨૨-૫-૧૦ ના રોજ એપ્રોચ મંદિરથી મહંત સ્વા. લક્ષ્મણજીવનદાસજી નારાયણઘાટ મંદિરથી મહંત નાના પી.પી. સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સંત મંડળ સાથે પધારીને પોતાની જ્ઞાન વાણીનો લાભ હરિભક્તોને આપ્યો હતો.

(ગોરધનભાઈ સીતાપરા)

### એપ્રોચ બાપુનગર શ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રીહરિની ૧૮૦ મી અંતર્ધાન તિથિ જેઠ સુદ-૧૦ ના સવારે ૮ થી ૧૧ મહામંત્ર ધૂન તથા હર્ષદકોલોની બહેનોના મંદિરમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી બપોરે ૧ થી સાંજના ૭ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી.

### પૂર્વ વિસ્તાર બાપુનગર સ્નેહ મિલન સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. નાના પી.પી. સ્વામી અને પ.ભ. દાસભાઈની પ્રેરણાથી તા. ૧૩-૬-૧૦ ને રવિવારના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષના ઉપલક્ષમાં હર્ષદ કોલોની મંદિરના આયોજનથી સુંદર સત્સંગ સભા થઈ હતી.

સાંજના ૫ કલાકે કોટેશ્વર મહાદેવજીના આરે સૌએ સાબરમતી નદીમાં સ્નાન કરીને કોટેશ્વર ગુરુકુળમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં ૧ કલાક સત્સંગ સભા થઈ હતી. જેમાં પૂરવ પટેલ દ્વારા કીર્તન ભક્તિ બાદ પૂ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા અમદાવાદ મંદિરના મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજીએ સત્સંગને પુષ્ટિ કરતા પ્રવચનો કર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબ હળવી પળોમાં પોતાની બાલ્યાવસ્થાના સંસ્મરણો સાથે આનંદ સાથે આશીર્વાદ આપ્યા હતા. એપ્રોચ મંદિરના સંતો પધાર્યા હતા. સૌ હરિભક્તોએ આ પ્રસંગનો દિવ્ય લાભ લઈ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

### મુબારકપુરા ગામમાં પૂજ્ય મોટા મહારાજશ્રી પધાર્યા

અત્રેના મુબારકપુરા ગામમાં પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી હરિભક્તોના આગ્રહ ભર્યા આમંત્રણથી પધાર્યા હતા. સાથે નારાયણઘાટ મંદિરથી મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી તથા મહંત સ.ગુ.શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. અહીં સંતોની પ્રેરણા અને હરિભક્તોના સાથ સહકારથી નૂતન મંદિર નિર્માણ થઈ રહ્યું છે. જ્યાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને કામ જોઈ ખૂબજ પ્રસન્ન થયા હતા. પોતાની ચરણરજથી ભૂમિ પાવન કરી હતી.

અત્રેના પ.ભ. લાલભાઈ કેશાભાઈ પટેલના દાદીમાં કમળાબાની જીવત ચર્યા પ્રસંગે સત્સંગ સભાનું આયોજન પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં થયું હતું. જેમાં સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી અને શા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ કથાવાર્તાનો લાભ આપેલ. અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ પણ સુંદર પ્રેરણાત્મક પ્રવચન કરીને ભક્તોને રાજી કર્યા હતા. છેલ્લે

સમસ્ત ગામને પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. સભાનું સંચાલન નારણઘાટ મહંત શા. નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું. (જયવલ્લભદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર (જામફળવાડી રામોલ)નો ત્રીજો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૧૬-૬-૨૦૧૦ ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરના ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. શ્રી ઘનશ્યામમહારાજને હરિભક્તોએ સુંદર અન્નકૂટ ધરાવ્યો હતો. પાટોત્સવના યજમાન પ.ભ. ભીખાભાઈ ચૌધરી રહ્યા હતા. આ પ્રસંગે ૨ કલાકની અખંડ ધૂન કરવામાં આવી હતી. સભામાં સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી, શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા.સ્વા. અભયપ્રકાશદાસજી (કોટેશ્વર ગુરુકુળ) તથા મહાદેવનગરથી શા.સ્વા. આનંદપ્રિયદાસજી આદિ સંતોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કથાવાર્તા અને કીર્તન ભક્તિ કરી અન્નકૂટ આરતી ઉતારી હતી. રામોલ અને મહાદેવનગર અને આજુબાજુના હરિભક્તોએ દર્શન અને સંતોની પ્રેરક વાણીનો લાભ લીધો હતો.

(શા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર ગુરુકુળ)

### જેશંગપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત સ.ગુ.શા. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી ખાખરીયાના જેશંગપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ તા. ૧૧-૬-૨૦૧૦ના રોજ ધામધૂમથી ઉજવાયો.

ઠાકોરજી સમક્ષ ૨ કલાકની મહામંત્ર ધૂન બાદ શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંત) અને શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી. પાટોત્સવના ઉપલક્ષમાં રાત્રીય કીર્તન ભક્તિ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં અમદાવાદ મંદિરથી મહંત સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ શ્રીહરિની લીલા ચરિત્રોની કથા કરી આશીર્વાદ આપ્યા હતા. રાત્રીય સત્સંગ ડાયરાના કલાકારશ્રી ધવલભાઈ સોની અને કીર્તનકાર શ્રી પૂરવ પટેલ બન્ને કલાકારોએ કીર્તનની સંગીત સાથે રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે હરિભક્તોએ તન મન ધનથી સેવા કરી દર્શન કરી ખૂબજ સુંદર લાભ લીધો હતો.

(કાનજીભાઈ જેશંગપુરા)

### શ્રી સહજાનંદ સંસ્કારધામ ટ્રસ્ટ વિસનગર

શ્રીહરિના દત્તક વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ રૂપ આજ્ઞાથી વિસનગરમાં ૧૯૯૯-૨૦૦૦ થી અંગ્રેજી માધ્યમની સ્કુલનો પ્રારંભ થયો. જેની સીધી દેખરેખ ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા થાય છે. શ્રી સહજાનંદ એલીમેન્ટરી સ્કુલથી પ્રારંભ થઈ અત્યારે શ્રી સહજાનંદ હાયર સેકન્ડરી સુધી ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે. હાલ સંસ્થામાં ૧૭૦૦ બાળકો અભ્યાસ કરે છે.

દશ વર્ષના ગાળામાં સ્કુલ દ્વારા જીલ્લા લેવલ, રાજ્ય લેવલ તથા નેશનલ લેવલે જુદી જુદી સ્પર્ધાઓ જેવી કે સંગીત, ડ્રામા, કરાટે, સ્કેટીંગ, એથ્લેટીક્સ તથા બુધ્ધિ કૌશલ્યને અનુલક્ષીને થતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઘણી સિધ્ધિઓ હાંસલ કરી છે.

આ વર્ષે ધો-૧૧ સાયન્સ અંગ્રેજી માધ્યમડે સ્કુલ શરૂ થનાર છે. જેના લીધે વિસનગર અને આજુબાજુના વિસ્તારના ધો-૧૦ સુધી અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને અન્ય જગ્યાએ જવાનો પ્રશ્ન નહીં રહે અને તેના મોટા ભાગના ખર્ચા પણ બચી જશે. સત્સંગી વિદ્યાર્થીઓ માટે સંપ્રદાયના સિદ્ધાંતો અને સગવડ યુક્ત હોસ્ટેલ તથા જમવા-નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

શ્રી સહજાનંદ સંસ્કારધામ ટ્રસ્ટના વર્તમાન ચેરમેન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી અને સારા સુંદર વહીવટ તેમજ સ્ટાફની મહેનત અને અનુભવી શિક્ષકોની સેવાઓથી ધો-૧૧ સાયન્સ અંગ્રેજી માધ્યમડે સ્કુલ વિસનગર તાલુકા તેમજ સંપ્રદાયના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદરૂપ બનશે.

(ઉદયનભાઈ મહારાજા, વિસનગર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણનો ૩૩ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા જેતલપુર ધામના મહંત પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂ.પી.પી. સ્વામીની પ્રેરણાથી ઝુલાસણ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૩૩ મા પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૫-૧૦ થી તા. ૧૨-૫-૧૦ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણની પંચ દિનાત્મક પારાયણ પવિત્ર અધિક માસમાં ભવ્ય પોથીયાત્રા બાદ જેતલપુરધામના નવયુવાન શા.સ્વામી ભક્તિનંદનદાસજી ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ. ગામના ભક્તજનોએ કથાનો અલૌકિક લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું.

તા. ૧૨-૫-૧૦ ના સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે નવયુવાન સત્સંગીઓએ બાઈકની સ્વારી ઉપર સવાર થઈ અદ્ભુત સ્વાગત સામૈયું કર્યું

હતું. ગામની ભાગોળેથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મંદિર પધારી ને સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારીને ઠાકોરજીની મહાપૂજાની પૂર્ણાહુતિ બાદ અન્નકૂટ આરતી ઉતારીને કથા મંડપમાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે જેતલપુરથી મહંત શા.સ્વા. આત્મપ્રકાશ દાસજી, વિશ્વપ્રકાશદાસજી, જમીયતપુરાથી શા. ઘનશ્યામ સ્વામી, મહેસાણા મંદિરના મહંત શા.સ્વા. ઉત્તમપ્રિયદાસજી, કોઠારી જે.કે. સ્વામી, લીંબડીથી વંદનપ્રકાશદાસ આદિ સંત મંડળ પધાર્યા હતા. અને સૌ સંતોએ પોતાના વ્યકતવ્યમાં શ્રીજી મહારાજ અને ધર્મકુળનો મહિમા ગાયો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સર્વે ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

બહેનોના અતિ આગ્રહભર્યા આમંત્રણથી ગામમાં સૌ પ્રથમ વખત પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. (પ્રકાશભાઈ તથા પિયુષભાઈ)

### કાલીયાણા (તા. વિરમગામ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગામના નિષ્ઠાવાન હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આદિ સૌ હરિભક્તોએ સાથે મળી પ્રથમ વૈશાખ વદ-૧૧ ના અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજી સમક્ષ ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. મોટી સંખ્યામા હરિભક્તો ધૂનમાં જોડાયા હતા. (સત્સંગ સેવક)

### શ્રી સ્વામિનારાયણ મંદિર મરતોલીનો ૧૮ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા આપણા સંપ્રદાયના વિદ્વાન કથાકાર લેખક પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૮ મો પાટોત્સવ તા. ૨૩-૫-૨૦૧૦ ના રોજ સંતો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના યજમાન પ.ભ. ભાઈચંદભાઈ ચતુરદાસ પટેલ તરફથી સમૂહ મહાપૂજા, અન્નકૂટ અને હરિભક્તોને પ્રસાદ વગેરે કરવામાં આવેલ.

આ પ્રસંગે શોકલી થી રઘુવીર સ્વામી, ઈડરથી મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી આદિ સંત મંડળ સાથે પધારીને કથામૃતરૂપી વાણીનો લાભ આપ્યો હતો. સભાનું સંચાલન કોઠારી મણીભાઈ પટેલે કર્યુ હતું. (સત્યસંકલ્પદાસજી, ઈડર અને શ્રીજીપ્રકાશદાસ, શોકલી)

### સમૌ (ચૌધરી) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સમૌ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫૦ મો પાટોત્સવ તા. ૫-૬-૨૦૧૦ ના રોજ અ.નિ. મફતલાલ છગનદાસ દરજી પરિવારના ગોવિંદભાઈ તરફથી ઉજવાયો હતો. આ પ્રસંગે મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. શા. પાર્ષદ જશુ ભગતે (કરજીસણ મંદિર) મહાપૂજા વિધિ કરાવી હતી. આ પ્રસંગે આજુબાજુના ગામોના ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(ભીખાભાઈ કોઠારી)

### સેજીપુર ખાતે ભાગવત કથા

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ્રાંતીજ મંદિરના મહંત સ્વામી માધવપ્રસાદદાસજી તથા ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી સેજીપુર ગામે શ્રીમદ્ ભાગવત પંચાહ પારાયણ યોજાઈ હતી.

જેના વક્તાપદે કથાકાર શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંત) તથા શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) એ કથામૃતનું રસપાન કરાવ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ભવ્ય સામૈયું હરિભક્તોએ કર્યુ હતું.

પ્રાસંગિક સભામાં પ્રાંતિજ, ઈડર, લેઈ, અમદાવાદ અને હિંમતનગર મંદિરના સંતોએ પ્રવચનો કર્યા હતા.

પ.પૂ. મહારાજશ્રીએ યજમાનશ્રી હાલુસિંહ તથા ચતુરસિંહ તથા ગુલાબસિંહ રાઠોડને તથા પરિવારજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ઉત્સવમાં સેવામાં જોડાયેલા શ્રી પી.કે. પટેલ તથા હરિકૃષ્ણભાઈને ધન્યવાદ પાઠવ્યા હતા.

(દિનેશભાઈ પી. પટેલ, સેજીપુર)

### ડુંગરી ખાતે ભાગવત કથા

ઈડર દેશના ગામ ડુંગરીમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષના ઉપલક્ષમાં પ.પૂ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. જગદીશપ્રસાદ સ્વામી (ઈડર મહંતશ્રી)ની પ્રેરણાથી ત્રિદિનાત્મક ભાગવત દશમસ્કંદ પારાયણનું ભવ્ય આયોજન થયું હતું.

વક્તાપદે કથાકાર શાસ્ત્રી હરિજીવનદાસજી (હિંમતનગર મહંત) એ કથાનું રસપાન કરાવ્યું હતું. અ.નિ. રેવાભાઈ નાનજીભાઈ તથા અ.નિ. ધૂળીબેન નાનજીભાઈ પટેલના મોક્ષાર્થે સુપુત્રો શ્રી ભાયચંદભાઈ, ગોપાળભાઈ, પોપટભાઈ તથા રાજેન્દ્રભાઈ પરિવારે માતા-પિતાનું ઋણ સમજીને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો. પૂર્ણાહુતિ પ્રસંગે સગા-સ્નેહીઓનું વક્તાશ્રી દ્વારા બહુમાન થયું. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, તથા ભક્તિપ્રિયદાસજી સ્વામી (લેઈ) તથા શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (સોકલી)એ સભામાં

પ્રવચનો કર્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી વાસુદેવચરણ સ્વામીએ શોભાવ્યું. પ્રસંગનું આયોજન સત્યસંકલ્પ સ્વામીએ સંભાળ્યું હતુ. (ચેતનકુમાર પટેલ નેત્રામલી)

### વડનગર

ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગરમાં ચાલુ સાલે મહંત સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી શ્રી ઘનશ્યામમહારાજને હરિભક્તો તરફથી વૈશાખ સુદ-૩ થી જેઠ સુદ-૧૩ સુધી ''ચંદન''ના અવનવા શૃંગાર સહિત વાઘા ધરાવી પૂજારી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ હરિભક્તોને દર્શન-સેવાનું અલૌકિક સુખ આપ્યું હતું.

(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી, મહંત સ્વામી વડનગર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### જામસર (હાલાર) ગામે સત્સંગિભૂષણ કથા

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષના ઉપલક્ષમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મૂળી મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી જામસર મંદિરના રજન જયંતી મહોત્સવ અંતર્ગત ત્રિદિનાત્મક સત્સંગિભૂષણ પારાયણનું આયોજન થયું હતું.

વક્તાપદે શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (હિંમતનગર મહંત) સુમધુર શૈલીમાં કથારસનું પાન કરાવ્યું. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. સભાસંચાલક તથા મહોત્સવના આયોજક શાસ્ત્રી હરિપ્રકાશદાસજી (ચરાડવા મહંત) એ ઉત્સવને શોભાવવા મોટી જહેમત ઉઠાવી હતી. ગામ-બહારગામના સત્સંગીઓએ તન, મન, ધનથી ખૂબ સેવા કરી. છેલ્લા દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબ રાજી થઈને સમગ્ર ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (અરજણભાઈ પોરીયા હિંમતનગર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી પાટડી અને ટ્રેન્ટના હરિભક્તોએ સાથે મળી શ્રી ઘનશ્યામમહારાજના રથ સાથે ભુજ કચ્છ પદયાત્રા યોજી હતી. સાંખ્યયોગી બહેનો સાથે કુલ ૨૩૪ ભાઈઓ અને બહેનોએ તા. ૯-૫-૧૦ થી યાત્રાનો પ્રારંભ ધૂન ભજન કરતા તા. ૧૭-૫-૧૦ ના રોજ ભૂજ મંદિર દર્શન કરી યાત્રા પૂર્ણ થઈ હતી. જેમાં પાટડી, ટ્રેન્ટ, ઉભડા, બામણવા, વણોદ, નવરંગપુરા, રામપુરા અને ટીમ્બા ગામના હરિભક્તોએ પદયાત્રામાં જોડાઈને નવધામના દર્શન કરી ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (ગોવિંદભાઈ પટેલ અને નારણજી તલાટી)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ કેલેગરી કેનેડા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી કેનેડાના કેલેગરી શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા થતી સત્સંગ પ્રવૃત્તિ અંગે જયેશ પટેલ જણાવે છે. અત્રે આપણા ઉપરોક્ત કેલેગરીના હરિમંદિરમાં દર અઠવાડિયે સભા થાય છે.

જેમાં તા. ૩-૪-૧૦, તા. ૧૦-૪, તા. ૧૭-૪, તા. ૨૪-૪, તા. ૧-૫, તા. ૮-૫, તા. ૧૬-૫ અને તા. ૨૨-૫-૨૦૧૦ના સત્સંગ સભા થઈ હતી. જેમાં સૌ પ્રથમ મહા મંત્ર ધૂન, ૨૭૩ વચનામૃત, શિક્ષાપત્રી, નિત્ય નિયમ, થાળ આરતી અને કીર્તન ભક્તિ સમૂહમાં થયા હતા. હરિભક્તો યુવાનો-બાળકો અને વૃદ્ધ સત્સંગીઓ ખૂબજ ઉત્સાહથી લાભ લેવા આવે છે. નવુંજ આપણું મંડળ ચાલુ કર્યું છે. પણ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને ધર્મવંશીના આશીર્વાદથી ટુંકા સમયમાં ખૂબજ ઉત્તરોત્તર પ્રગતિ થઈ છે.

**SHRI SWAMINARAYAN SATSANG MANDAL CANADA**
**3419-64 ST NE, Calgary T1Y4L4**
**Ph : +1 403 590 4451, 403 926 4104**

(જયેશભાઈ પટેલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તારીખ | બીજા વૈશાખ માસમાં રસોઈ આપનારનું નામ | ગામ |
|---|---|---|
| ૧૫-૫-૨૦૧૦ | પ.ભ. ચોકસી અલ્પાબેન ઘનશ્યામભાઈ ચોકસી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| | હ. જીતુભાઈ મગનલાલ લીલાધર | |
| ૧૬-૫-૨૦૧૦ | પ.ભ. મોદી ગોપાલભાઈ ભોગીલાલ (રસ પુરી) | અમદાવાદ |
| | પ.ભ. કડીયા તેજશભાઈ કાનજીભાઈ (મોતૈયા લાડુ) | રાજકોટ |
| | પ.ભ. વેકરીયા મંજુલાબેન કાંતિભાઈ હ. કાંતાબેન રાજેશ પિંડોરીયા (મૈસુબ) | કચ્છ-ભુજ |
| ૧૯-૫-૨૦૧૦ | પ.ભ. દરજી સુરેશભાઈ જગજીવનદાસ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ૨૦-૫-૨૦૧૦ | અ.નિ. રાજેશભાઈ રવજીભાઈ વરસાણી (મોહન થાળ) | માધાપર (કચ્છ) |
| ૨૩-૫-૨૦૧૦ | પ.ભ. સોની મનસુખભાઈ મગનલાલ (માલપુવા) | અમદાવાદ |
| ૨૪-૫-૨૦૧૦ | અ.નિ. રમાબેન બાબુલાલ શાહ હ. ભરતભાઈ પરીખ (શીખંડ પુરી) | અમદાવાદ |
| ૨૫-૫-૨૦૧૦ | પ.ભ. ડૉ. કે. કે. પટેલ (ટ્રસ્ટીશ્રી) (રસ પુરી, મોહન થાળ) | હિંમતનગર |
| | પ.ભ. બિપીનચંદ્ર નંદલાલ મામતોરા હ. બ્ર. રાજુ સ્વામી (રસ પુરી) | અમદાવાદ |
| ૨૬-૫-૨૦૧૦ | પ.ભ. હિરજીભાઈ ગોવિંદભાઈ (બુંદીના લાડુ) | કચ્છ-ભુજ |
| ૨૯-૫-૨૦૧૦ | પ.ભ. દુલાભાઈ ભાણાભાઈ ઘેલાણી હ. કાંકરીયા મહંત સ્વામી (રસ પુરી) | સુરત |
| ૩૦-૫-૨૦૧૦ | પ.ભ. વિનોદભાઈ મોદી હ. ટોરડા મહંત સ્વામી (બુંદીના લાડુ) | |
| | સત્સંગી બહેનો હ. કમળાબા (ચુરમાના લાડુ) | |
| | પ.ભ. શાહ જીગેશ અરવિંદભાઈ (મોહન થાળ) | અમદાવાદ |
| ૩૧-૫-૨૦૧૦ | અ.નિ. વિનોદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ હ. શ્રી સંદિપભાઈ શેઠ મિત્ર મંડળ (ચુરમાના લાડુ) | શાંતિપુરા કંપા |
| ૧-૬-૨૦૧૦ | પ.ભ. પટેલ પૂરવ દશરથભાઈ (શીખંડ પુરી) | અમદાવાદ |
| ૩-૬-૨૦૧૦ | પ.ભ. ટાંક ભીમજીભાઈ (ચુરમાના લાડુ) | દુબઈ |
| ૫-૬-૨૦૧૦ | પ.ભ. ચોકસી ગાંડાલાલ કેશવલાલ (મગજ) | રાણીપ |
| ૬-૬-૨૦૧૦ | પ.ભ. ચોકસી સંજયભાઈ કનુભાઈ (શીખંડ પુરી) | અમદાવાદ |
| ૭-૬-૨૦૧૦ | પ.ભ. ચોકસી સંજયભાઈ કનુભાઈ (શીખંડ પુરી) | અમદાવાદ |
| | પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ અરવિંદભાઈ હ. પ્રવિણભાઈ પટેલ (ચુરમાના લાડુ) | વડુવાળા |
| ૮-૬-૨૦૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંગા હ. હરખા ભગત (કાજુ બદામ મૈસુબ) | |
| ૯-૬-૨૦૧૦ | પ.ભ. શ્રી સુરેશભાઈ નારણભાઈ (બુંદીના લાડુ) | ધરમપુર |
| ૧૨-૬-૨૦૧૦ | અ.નિ. જીવણભાઈ નાથાભાઈ ચૌધરી હ. ભંડારી સૂર્યપ્રકાશદાસજી (બુંદીના લાડુ) | બાલવા |

## શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- વાઘેલા મીનાબેન જયદિપસિંહજી નવી કાર લીધી તે નિમિત્તે — બિડજ
૧૦૧/- દરજી ભાવેશ સુરેશચંદ્ર વિદેશ ગમન નિમિત્તે — ચાંદખેડા
૧૦૧/- દરજી પિંકલ સુરેશચંદ્ર લગ્ન નિમિત્તે — ચાંદખેડા
૧૧૧/- ભાવસાર વૈશાલી હરિકિશન મકાન લીધું તે નિમિત્તે — અમદાવાદ
૧૫૧/- પટેલ અલપિત પંકજભાઈ ૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે — હંસપુરા
૧૦૧/- ઝાલા બહાદુરસિંહ નવું મકાન લીધું તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મલાડ-મુંબઈ
૧૦૧/- ભાવસાર સંજયભાઈ નરેન્દ્રભાઈ જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પરમાર કીર્તન મુકેશભાઈ જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- નિમિષ કન્સ્ટ્રકશન કું. ટાંકીઓનું કામ નિર્વિઘ્ને થયું તે નિમિત્તે — ઉંઝા
૧૦૧/- પટેલ શૈલેષભાઈ શકરાભાઈ પ્રિન્સને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે — જમીયતપુરા
૧૦૧/- પટેલ અલ્પેશભાઈ શકરાભાઈ ચિ. જયની બાબરી ઉતરાવી તે નિમિત્તે — જમીયતપુરા
૧૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ લાભુબેનના જન્મદિન નિમિત્તે — આણંદપુર (ભાલ)
૨૫૧/- મોદી અશ્વિનકુમાર નટવરલાલ ચિ. સુપુત્રી મીનાના લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૧૧/- મોદી રાજેન્દ્રકુમાર નટવરલાલ ચિ. ધાર્મિકના જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- અ.નિ. સંતોષબેન તથા ભોળીદાસ ત્રિકમદાસ પટેલના સ્મરણાર્થે — સોજાવાળા
૧૦૧/- રાદડીયા દિનેશભાઈ ભોળાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧ પટેલ શંકરભાઈ મણીભાઈ જન્મદિન નિમિત્તે — અસલાલી
૧૫૧/- ત્રિવેદી કૃણાલ ભદ્રેશકુમાર ધો-૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે — વિહાર
૫૦૦/- પટેલ જનકભાઈ લાલજીભાઈ પૂજા બહેનને સેકન્ડ એમ.બી.બી.એસ. માં ૭૦% આવ્યા તે નિમિત્તે

૧૦૧/- વંદન, હરેશ ટાંક પાસ થયા તે નિમિત્તે — મીરારોડ-મુંબઈ
૧૦૧/- ટાંક ધ્રુવ હરેશભાઈ પાસ થયા તે નિમિત્તે — મીરારોડ-મુંબઈ
૧૦૧/- વરૂ મોનાલ અશોકભાઈ કોમ્પ્યુટર લીધુ અને પાસ થયા તે નિમિત્તે — જીરાગઢ
૧૦૦/- ટાંક આકાંક્ષા મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મીરારોડ-મુંબઈ
૧૦૦/- રામપરીયા હિરલ તથા તન્મય જગદીશભાઈ પાસ થયા તે નિમિત્તે — મુંબઈ
૧૦૧/- ટાંક કાજલ સુભાષભાઈ પાસ થયા તે નિમિત્તે — મુંબઈ
૧૦૧/- ટાંક હાર્દિક સુભાષભાઈ પાસ થયા તે નિમિત્તે — મુંબઈ
૧૦૧/- ટાંક વૈશાલી વિજયભાઈ પાસ થયા તે નિમિત્તે — મુંબઈ
૧૦૧/- વાઘેલા જયશ્રીબેન શીવુભા શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૭૦૧/- પટેલ હર્ષિલકુમાર રાજેશભાઈ ૭મી પુણ્ય તિથિ નિમિત્તે હ. કોકીલાબેન જી. પટેલ — લસુન્દ્રા
૧૦૧/- પટેલ ભવ્યકુમાર જગદીશભાઈ ચૌલ સંસ્કાર નિમિત્તે — લસુન્દ્રા
૧૧૧/- કેતન રામભાઈ પટેલ ચિ. ક્રિશના પ્રથમ જન્મદિન નિમિત્તે — મોખાસણ
૧૦૧/- પટેલ બળદેવભાઈ તથા પુષ્પાબેન કેનેડાના વિઝીટીંગ વિઝા નિમિત્તે — આણંદપુરા
૧૦૧/- પટેલ રૂદ્ર દિલીપભાઈ ધો-૩ માં પાસ થયા તે નિમિત્તે — રાણીપ
૧૦૧/- ટાંક બિપીનભાઈ મનસુખભાઈ ફોરવિલ ટુ વિલ લાયસન્સ નિમિત્તે — કાંદીવલી
૫૦૦/- પટેલ શારદાબેન લાલભાઈ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે — સાબરમતી
૧૫૧/- મોદી હર્ષદભાઈ ચિ. મયુર તથા ચિ. ઉર્વિ ન્યુઝીલેન્ડના વિઝા મળ્યા તે નિમિત્તે — વડનગર
૧૦૦/- આદિત્ય ગૃપ ટ્યુશન શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- જોષી વાસુદેવભાઈ પૌત્ર ધૈર્ય ૧૨ સાયન્સમાં પાસ થયો તે નિમિત્તે — કોઠંબા
૧૫૧/- પટેલ સૌમીલ દિપકભાઈ કેનેડાના વિઝા મલ્યા તે નિમિત્તે — ઉનાવા
૧૦૧/- નાયક સરોજબેન રાજેન્દ્રકુમાર નવું એક્ટીવા લાવ્યા તે નિમિત્તે — ઘાટલોડીયા
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ બહેનની પુણ્ય તિથિ નિમિત્તે — બાવળા
૧૦૧/- પટેલ ભરતભાઈ ગોપાળભાઈ નવું એક્ટીવા લાવ્યા તે નિમિત્તે — વડુવાળા
૧૦૪/- પટેલ ગોપાળભાઈ સોમદાસ ચિ. પરેશ પુત્રવધુ ગાયત્રી તથા પૌત્રી વિશ્વા અમેરિકા યાત્રા નિમિત્તે — વડુવાળા
૧૦૫/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- બારૈયા વિજયકુમાર કાંતિલાલ નવું એ.સી. લાવ્યા તે નિમિત્તે — ઊંઝાવાળા
૧૦૧/- ખેર ટવિન્કલ ઘનશ્યામભાઈ ધો.-૮માં ૮૩%આવ્યા તે નિમિત્તે — સુરેન્દ્રનગર
૧૦૦/- પરમાર શશાંક રિકેશભાઈ જન્મદિન નિમિત્તે — નવાવાડજ
૨૦૦/- ચાવડા ધર્મેશ એ. શ્રીજી પ્રસન્નાર્થે — સુરત
૧૦૦/- વણોલ વરસંગભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગુંદીયાળા
૧૦૦/- પટેલ નિરલ સુરેશભાઈ ધો-૧૦ માં ૯૨%આવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ નિર્મલ રમેશભાઈ ધો-૧૦ માં ૭૪%આવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ નિમિષ ચિમનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મલાડ-મુંબઈ
૧૦૦/- મીસ્રી પાર્લર શ્રીજી પ્રસન્નાર્થે — નારોલગામ
૧૦૧/- કા.પ. રાજુભાઈ નટવરલાલ તેમના પિતાશ્રીના જન્મદિન નિમિત્તે — કપડવંજ
૧૦૦/- ભાવસાર નિલેશકુમાર ઈશ્વરલાલ ચિ. નિધીના જન્મદિન નિમિત્તે — મોટપ

૧૦૧/- મેવાડા કનુભાઈ પ્રહલાદભાઈ કોશલ ધો-૧૦ માં પાસ થયો તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- કા.પટેલ જતીનકુમાર પ્રવિણચંદ્ર ચિ. આદિત્યના જન્મદિન નિમિત્તે — બાલાસિનોર
૧૦૧/- જૈની ટ્રેડીંગ કું. શ્રીજી પ્રસન્નાર્થે — ભાયંદર
૧૦૦/- રિધ્ધિબેન સતીષકુમાર ૧૧ સાયન્સમાં ૫૫%આવ્યા તે નિમિત્તે — કુકરવાડા
૧૦૧/- પટેલ નારણભાઈ શીવાભાઈ પૌત્ર વધુ ઝલક માટે એક્ટીવા લીધું તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ગોહિલ દિવ્યા અનીલકુમાર ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ગોહિલ દર્શલ અનીલકુમાર ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે — અમદાવાદ
૨૫૧/- નાયી જસવંતભાઈ કે. પુત્રી કોમલના લગ્ન પ્રસંગે — ડેમાઈ
૧૦૧/- રાવળ લાલભાઈ લાભશંકરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વડુ
૧૦૧/- મકવાણા અમૃતભાઈ ચિ. ભાવિકાના લગ્ન પ્રસંગે — સાંગવી-પૂના
૧૧૧/- મોદી તારાબેન નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- મોદી કાંતાબેન ગાંડાલાલના સ્મરણાર્થે — અમદાવાદ
૫૦૧/- પટેલ કુશ રજનીભાઈ જન્મદિન નિમિત્તે — ઝુલાસણ
૨૦૦/- શ્રી નારાયણ ટીમ્બર માર્ટ ચિ. નિર્મળ તથા કૃણાલ સારા ગુણે પાસ થયા તે નિમિત્તે — કુજાડ
૧૦૧/- ચૌહાણ ગોવિંદભાઈ રાઘવજીભાઈ ચિ. અલકાબેનના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- વેગડ શાંતિભાઈ પરસોતમભાઈ ચિ. સંજયકુમારના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- ચૌહાણ ચંદુલાલ સવજીભાઈ ચિ. હિનાબેનના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- ટાંક ભૂપેન્દ્રભાઈ પ્રભુલાલ ચિ. હિરેનકુમારના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- કાછડીયા રૂચિતાબેન જયેશકુમાર બાલમંદિરમાં પ્રવેશ તે નિમિત્તે — અમદાવાદ
૧૧૧/- પટેલ સ્નેહલબેન નિતિનકુમાર જન્મદિન નિમિત્તે — સરસાવ
૫૦૧/- દોંગા તુલસીભાઈ પોપટભાઈ ચિ. પરેશભાઈના જન્મદિન નિમિત્તે — મુંબઈ
૧૦૧/- પટેલ કનુભાઈ કેશવલાલ ચિ. હાર્દિકના જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ પંકજભાઈ મગનલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે — કલ્યાણપુરા
૧૦૧/- પટેલ કાશીરામભાઈ બેચરદાસ નવું મકાન લીધું તે નિમિત્તે — વિહારવાળા
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ ચિ. ભાણા જયના જન્મદિન નિમિત્તે — કાલીયાણા
૧૦૧/- ખેર યોગેશભાઈ ધીરૂભાઈ ને ત્યાં પુત્ર સ્મિતના જન્મ પ્રસંગે — સુરેન્દ્રનગર
૧૦૦/- ભાટીયા નરેન્દ્રભાઈ પૂનમચંદના સ્મરણાર્થે — કોઠંબા
૧૦૦/- મોદી કેતન મનુભાઈ નોકરી મળી તે નિમિત્તે — માણસા
૧૦૦/- સુથાર કૃણાલ વિનોદભાઈ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે — રાબડીયા
૧૦૧/- એક હરિભક્ત શ્રીહરિ કૃપાથી વેગન આર ગાડી લીધી તે નિમિત્તે — પૂના
૧૦૧/- ઓઝા મયંકકુમાર રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- અ.નિ. ઉષાબેન દશરથભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે — અસલાલી
૧૦૧/- પટેલ સચીન મેહુલકુમારના જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ તીર્થકુમાર જયેશભાઈ સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- મોદી ખુશ્બુ ગૌતમભાઈ ધો-૧૨ માં ૭૮% એ પાસ થયા તે નિમિત્તે — સાબરમતી
૧૦૧/- વરસાણી ચેતન રત્ના શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — માધાપર (કચ્છ)
૧૦૧/- વરસાણી હિતેન્દ્ર રત્ના શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — માધાપર (કચ્છ)
૧૦૧/- ચૌહાણ નવ્ય હરેશભાઈ જન્મતા. ૮-૨-૧૦ — જેતલપુર

સાકર તુલા નિમિત્તે
૫૦૧/- ટાંક વિનોદભાઈ ભગવાનજી મોટર સાયકલ લીધું તે નિમિત્તે — રોહીશાળા
૧૫૧/- પટેલ બાબુભાઈ અંબાલાલ નવી દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે — મોખાસણ
૨૦૧/- પટેલ શિલ્પાબેન રાજેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — કલોલ
૧૦૧/- પટેલ ભદ્રેશકુમાર બાબુલાલ બાબાને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે — સોજા
૧૦૧/- ડૉ. અંબાલાલ પટેલ ચિ. શ્લોક નિકસન પટેલના જન્મદિન નિમિત્તે — માણસા
૧૦૧/- પટેલ વસંતીબેન પ્રભુભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે — વિસતપુર
૧૦૧/- પટેલ યામીનીબેન વાસુદેવભાઈ એમ.બી.બી.એસ. ડીગ્રી નિમિત્તે — દાંતીવાડા
૧૦૦/- સોની અદ્વૈત ધો-૧૦ માં ૮૫% આવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- મોદી હસમુખભાઈ પ્રહલાદભાઈ બાબાના લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૦૦/- ભગત જન્મેશ નિરવભાઈ જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૨૦૦/- એક હરિભક્ત શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — જુના દેવળીયા
૧૦૧/- મોદી પ્રિયાન્સી આશિષભાઈ પુત્રીના જન્મ પ્રસંગે — વિસનગર
૧૫૧/- પટેલ પાયલ વિનોદકુમાર લગ્ન પ્રસંગે — વેડા (અમેરિકા)
૧૧૧/- પટેલ ઉત્સવકુમાર જગદીશકુમાર સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે — (સોજાવાળા) અમદાવાદ
૧૦૧/- ઠાકોર જગદીશકુમાર ભવાજી બન્ને બેબીના જન્મદિન નિમિત્તે — મોખાસણ
૧૦૧/- ઠાકોર ભવાનજી રમતુજી ચિ. રવિકુમાર ધો-૭ માં પાસ થયો તે નિમિત્તે — મોખાસણ
૨૦૦/- પટેલ જીતેન્દ્રકુમાર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વજાપુર
૧૦૧/- કાછીયા સિદ્ધાર્થ રાજેન્દ્રકુમાર ધો-૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે — અમદાવાદ
૫૦૧/- પટેલ પિનલકુમાર દશરથભાઈ ઓસ્ટ્રેલીયામાં પી.આર. થયા તે નિમિત્તે
૧૦૦૧/- ભાવસાર હર્ષ કિરણકુમાર ધો-૧૦ માં ૯૦% આવ્યા તે નિમિત્તે — સાબરમતી
૮૦૦/- મગનભાઈ ભુવાભાઈ પરિવાર હ. પ્રભાબેન ચિ. નિહાર ધો-૧૦, ચિ. પ્રકૃતિ ધો-૮, ચિ સ્વાતિ ધો-૯ અને ચિ. આયુષ ધો૦૨ માં પાસ થયા તે નિમિત્તે — રાણીપ
૧૦૧/- પટેલ કિશન વિનોદભાઈ ધો-૧૦માં પાસ થયા તે નિમિત્તે
૧૫૧/- ચેનતભાઈ ખીમજીભાઈ પુત્ર જન્મપ્રસંગે — વાપી
૧૦૦/- ટાંક નારણભાઈ પોપટભાઈ અમદાવાદ મંદિરમાં ઘનશ્યામમહારાજના પ્રસ્વેદ બિંદુ પરચા નિમિત્તે — રાજકોટ
૧૦૦/- કાચા રમણીકભાઈ રામજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રાજકોટ

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ મેમનગર :** શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન પ.ભ. પ્રો. ઉમેશભાઈ આ. યાજ્ઞિકના ધર્મપત્ની અ.સૌ. કમળાબેન યાજ્ઞિક તા. ૧૫-૬-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમના પરિવારને ધૈર્ય અને બળ પ્રેરે તેવી પ્રાર્થના.

**નવાગામ(જી. ખેડા) :** પ.ભ. ચંદુભાઈ મંગળદાસ પટેલ તા. ૩૦-૫-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટીંબા (મૂળીદેશ) :** પ.ભ. પચાણભાઈ નથુભાઈ પરમાર બીજા વૈશાખ સુદ-૧૧ને તા. ૨૪-૫-૨૦૧૦ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના પરિવારમાં મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને અમદાવાદ શ્રી નરનારાયણદેવનો દઢ સત્સંગ છે.

**મહેસાણા :** આપણા મહેસાણા મંદિરના અગ્રગણ્ય અને શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન સેવાભાવી પ.ભ. નટુભાઈ મોદીના ચિ. પુત્ર પ.ભ. જયેશભાઈ મોદી ખૂબજ નાની ઉંમરે ટૂંકી માંદગીમાં તા. ૨૧-૬-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના પરિવારને શ્રીજી મહારાજ ધૈર્ય અને બળ આપે તેવી પ્રાર્થના.

**અમદાવાદ (સરસપુર) :** અ.સૌ. સુભદ્રાબેન નટવરલાલ ભાવસાર શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** મોદી કાંતાબેન ગાંડાલાલ તા. ૨૪-૫-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (સીંજીવાડાવાળા) :** પ.ભ. બાબુભાઈ કાલીદાસ માલાણી (ઠક્કર)તા. ૨૦-૫-૨૦૧૦ બીજા વૈશાખ સુદ-૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. વિષ્ણુપ્રસાદ મોતીલાલ કંસારા (વિસનગરવાળા) તા. ૨૪-૫-૨૦૧૦ બીજા વૈશાખ સુદ-૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કરશનપુરા (તા.જી. મહેસાણા) :** પ.ભ. રામભાઈ કરશનદાસ પટેલના પુત્ર શ્રી કલ્પેશભાઈ તા. ૧૩-૬-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.










૧. લાલોડા (ઈડર દેશ) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

૨. લાલોડા (ઈડર દેશ) મંદિરમાં પાટોત્સવપ્રસંગે સભામાં દર્શન આપતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી , ઈડર મહંત સ્વામી , સ્વામી અખિલેશ્વરદાસજી, સ્વામી વિશ્વપ્રકાશ દાસજી અને સંત મંડળ

૩.૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને લાભ લેતા યજમાનો સાથે ધોળકા મહંત મુનિ સ્વામી,બ્ર.પૂજારી રાજેશ્વરાનંદજી

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011

# ગુરુ પૂર્ણિમા



શ્રી નરનારાયણ દેવ
અમદાવાદ

## ગુરુ પૂજન મહોત્સવ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું જે આપણા ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્થાને પોતાનું જ દિવ્યકુળ ધર્મવંશી પરિવારના પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને પ્રસ્થાપિત કરેલા છે. જે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની દિવ્ય અલૌકિક પરંપરા છે.

અષાઢ સુદ - ૧૫ ગુરુ પૂર્ણિમાના શુભ દિને સમસ્ત હરિભક્તોને આપણા સમસ્તના ગુરુ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગુરુ પૂજનના આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રૂડું સ્નેહભર્યું નિમંત્રણ છે.

લી.
મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના
જય શ્રી સ્વામિનારાયણ

અમદાવાદ-જેતલપુર મંદિરમાં સમૈયો

સ્થળ :-
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૧

મંગલ કાર્યક્રમ
અષાઢ સુદ ૧૫ ગુરુ પૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦ રવિવાર
સવારે ૭-૦૦થી પ્રારંભ

Museum Year
March 2010 - March 2011

shree swaminarayan museum

**ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

**ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧**

**સંવત ૨૦૬૭ ફાગણસુદ ત્રીજ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ**

www.swaminarayanmuseum.com/org

Praful Kharsani